અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૦
વર્ષ : ૧૬
અંક : ૨૧૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કોંગ્રેસ માટે ફેમિલી ફર્સ્ટ, અમારા માટે નેશન ફર્સ્ટ : પીએમ મોદી

## કોંગ્રેસે બંધારણના ઘડવૈયાઓનો અનાદર કર્યો : વડાપ્રધાન મોદી

### અમારી સરકારે એક એવુ મોડલ આપ્યું કે, જેનાથી સામાન્ય વર્ગના દરેક ગરીબને ૧૦ ટકા અનામત મળે, કોઈપણ તણાવ વિના, અધિકાર લીધા વિના આ મોડલ લાવ્યા : મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યસભામાં જવાબ આપ્યા હતા. તેમણે વિપક્ષના પ્રત્યેક સવાલો અને વિરોધનો જવાબ આપતાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જોવા મળ્યા છે. આ પહેલાં ૪ ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદીએ લોકસભામાં જવાબ આપ્યો હતો.

કોંગ્રેસે બંધારણના ઘડવૈયાઓની ભાવનાઓનો અનાદર કર્યો. જ્યારે દેશમાં સરકાર ન હતી, ત્યારે તેમણે બંધારણમાં સંશોધનો કર્યા. નવી સરકારની રાહ પણ ન જોઈ. ફ્રીડમ ઓફ સ્પીચને કચડી નાખી, અખબારો પર લગામ મૂકી અને ડેમોક્રેટનો ટેગ લગાવી વિશ્વભરમાં ફર્યા. જ્યારે નહેરૂજી વડાપ્રધાન હતાં, ત્યારે મુંબઈમાં મજૂરોની એક હડતાલ થઈ. જેના સંદર્ભમાં સુલ્તાન પુરીએ એક કવિતા ગાઈ તો તેમને નહેરૂજીએ જેલ મોકલી દીધા. બલરાજ સાહની એક દેખાવોમાં જોડાયા તો તેમને પણ જેલમાં પૂર્યા. લતા મંગેશકરના ભાઈ હૃદયનાથ મંગેશકરે વીર સાવરકર પર એક કવિતા આકાશવાણીમાં પ્રસારિત કરવાની યોજના બનાવી તો તેમને આકાશવાણીમાંથી જ હાંકી કઢાયા. દેશમાં ઈમરજન્સી દરમિયાન દેવાનંદે તેમને સમર્થન ન આપ્યું તો તેમની ફિલ્મો પર પ્રતિબંધ લાદી દીધો.

૨૦૧૪માં અમે સ્કિલ ડેવલપમેન્ટ, ઈંક્લુઝન, અને ફાઈનાન્સિયલ ગ્રોથ પર ફોકસ કરતાં આર્થિક વિકાસલક્ષી કાર્યો કર્યા. અમે પીએમ વિશ્વકર્મા યોજના લાગુ કરી કુંભાર, લુહાર, સોનીને તાલીમ આપી, નવા ઓજારો આપ્યા, અને આર્થિક સહાય પણ ઉપલબ્ધ કરાવી. અમે એસસી-એસટી સમાજના લોકોના ઉત્થાન માટે સ્ટેન્ડઅપ



યોજના ઘડી, મહિલાઓ માટે રૂ. ૧ કરોડની લોન ઉપલબ્ધ કરાવી. અમે બાબા સાહેબાના સપનાઓને પૂર્ણ કરવા કામ કર્યું. હાલમાં જ રજૂ થયેલા બજેટમાં અમે રમકડાં, લેધર, ફૂટવેર ઉદ્યોગ માટે લાભો જાહેર કર્યા. વડાપ્રધાને બાબા સાહેબના વિચારોની હંમેશા અવગણના કરી છે. બાબા સાહેબે દલિત, આદિવાસીઓની સાથે અન્યાયના ઉપાયો જણાવ્યા હતાં. તેમણે ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવાની માગ કરી હતી. કોંગ્રેસ પાસે આટલા વર્ષો સુધી સત્તા રહી ત્યારે તેમણે બાબા સાહેબના વિચારો પર ધ્યાન ન આપ્યું. તેમના વિચારોને ફગાવી દીધા. એસસી-એસટીના ઉત્થાનના બદલે તેમના માટે સંકટ ઉભું કર્યું. અને આજે બાબા સાહેબના નામ-વિચારો પર રાજકારણ રમી રહી છે. વડાપ્રધાન મોદીએ બાબા સાહેબ આંબેડકર પર રાજનીતિ રમતી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા કે, આ એ જ કોંગ્રેસ છે જેણે બાબા સાહેબને બે-બે વખત ચૂંટણીમાં હરાવવા માટે પોતાની હદ વટાવી હતી. તેમના પ્રત્યે તેમને નફરત, ગુસ્સો હતો તેનું તે પ્રમાણ છે. આ દેશના લોકો બાબા સાહેબાની ભાવનાનું આદર કર્યું, સર્વે સમાજે તેમને બિરદાવ્યા. જેથી કોંગ્રેસ આજે મજબૂરીમાં જય ભીમ બોલે છે. કોંગ્રેસ રંગ બદલવામાં હોશિયાર છે. તે ઝડપથી પોતાનુ મંતવ્ય બદલી નાખે છે. જો તમે કોંગ્રેસનો અભ્યાસ કરશો તો તેની રાજનીતિની મૂળ મંત્ર બીજાની લાઈન (રેખા-લકીર) નાની કરવાનો છે. જેના લીધે તેમણે સરકારને અસ્થિર જ રાખી. તેમની નીતિઓના કારણે આજે કોંગ્રેસની દુર્દશા વધી છે. દેશની સૌથી જૂનો પાર્ટી બીજાની લાઈન ભૂંસવાના બદલે પોતાની લાઈન મોટી કરવા પાછળ મહેનત કરે તો તેના આ હાલ થયા ન હોત.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, અમારી સરકારે એક એવુ મોડલ આપ્યું કે, જેનાથી સામાન્ય વર્ગના દરેક ગરીબને ૧૦ ટકા અનામત મળે. કોઈપણ તણાવ વિના, અધિકાર લીધા વિના, આ મોડલ લાવ્યા. જેનો ઓબીસી, એસસી-એસટી તમામે સ્વીકાર કર્યો. દિવ્યાંગો માટે પણ અનામતમાં વિસ્તરણ કર્યું. તેમના વિકાસ માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી.

મિશન મોડમાં કામ કર્યું. ટ્રાન્સેજન્ડર સમુદાયોના અધિકારો માટે પણ પ્રયાસ કર્યા. સબકા સાથ, સબકા વિકાસના મંત્ર સાથે અમે કામ કરીએ છીએ. અમે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને ઉગારવા યોજનાઓ ઘડી. નારી શક્તિને મહત્ત્વ આપ્યું. આ નવુ સંસદ રંગ-રૂપ માટે નહીં. પણ નારી શક્તિને વંદન કરે છે. અમે નારી શક્તિ વંદન અધિનિયમ લાવવા બદલ વાહવાહી લૂંટી શકતા હતાં, પણ અમે માતૃશક્તિની વાહવાહી માટે તેનો ઉપયોગ કર્યો.

### ન્યૂઝ બ્રિફ

#### શેખ હસીનાના ભાષણ દરમિયાન બાંગ્લાદેશમાં ભડકી હિંસા



। (એજન્સી) ઢાંકા, તા.૬ ।

બાંગ્લાદેશમાં ભયંકર હિંસાનો દોર ફરી શરૂ થઈ ગયો છે. અવામી લીગ દ્વારા આજે દેશવ્યાપી દેખાવોની જાહેરાત કરવામાં આવી હતી જેના પહેલા જ ઢાકા સહિત બાંગ્લાદેશના અનેક શહેરોમાં હિંસા શરૂ થઈ ચૂકી છે. દેખાવકારોએ ઢાકાના ધાનમંડી વિસ્તારમાં સ્થિત બંગબંધુ તરીકે ઓળખાતા શેખ મુજીબુર રહેમાનના ઘરે હુમલો કરી દીધો. હુમલાખોરો બુલડોઝર લઈને આવ્ય હતા. તેમણે શેખ મુજીબુર રહેમાનના ઘરને આગ ચાંપી દીધી હતી. હજારોની સંખ્યામાં અવામી લીગના સમર્થક, કાર્યકરો અને નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી. આજે બાંગ્લાદેશમાં ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બંધ કરી હાઈવે સહિત અનેક શહેરોમાં ચક્કાજામ કરવાની તૈયારી કરી લેવામાં આવી હતી. મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દ્વારા અવામી લીગના નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ થઈ રહેલી હિંસાના વિરોધમાં અવામી લીગે મોટા દેખાવોનું આહ્વાન કર્યું હતું. અવામી લીગના દેખાવોથી ઠીક એક સાંજ પહેલા બાંગ્લાદેશમાં સ્થિતિ બગડી હતી. આ દરમિયાન ભારે ઉથલપાથલ વચ્ચે બરતરફ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ અવામી લીગ પાર્ટીના સમર્થકોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે મારી વિરુદ્ધ બાંગ્લાદેશમાં શરૂ કરાયેલું આંદોલન મારી હત્યા કરવા માટેનું કાવતરું છે.

### US અધિકારીએ કહ્યું - "પરિણામો ભોગવવા પડશે"

## અમેરિકાએ ૧૦૪ ભારતીયોને સાંકળોથી બાંધતા ભારે વિવાદ

**ગેરકાયદે ઘુસણખોરીને લઈને US બોર્ડર પેટ્રોલ ચીફે વીડિયો પોસ્ટ કરીને ધમકી પણ આપી હતી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાથી દેશનિકાલ કરીને ભારત મોકલવામાં આવેલા ૧૦૪ ભારતીયોનો મુદ્દો દેશ-વિદેશમાં ચર્ચાનો વિષય બન્યો છે. આના વિરોધમાં વિપક્ષી સાંસદો સંસદની બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમિયાન, યુએસ બોર્ડર પેટ્રોલ (UBSP) એ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને યુએસ લશ્કરી વિમાન દ્વારા ભારત મોકલવામાં આવી રહ્યાનો એક વીડિયો બહાર પાડ્યો છે.

યુએસ બોર્ડર પેટ્રોલ ચીફ માઈકલ ડબલ્યુ. બેંક્સે આ વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો અને કહ્યું કે, USBP અને ભાગીદારોએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને સફળતાપૂર્વક ભારતમાં મોકલ્યા છે. આ અમેરિકાથી અત્યાર સુધીની સૌથી દૂરની ઉડાન હતી. જો તમે ગેરકાયદેસર રીતે સરહદ પાર કરશો, તો તમારે તેના પરિણામો ભોગવવા પડશે. જણાવી દઈએ કે, આ રીતે ભારતીયોની વાપસીને લઈને દેશમાં હોબાળો મચી ગયો છે. આ અંગે વિપક્ષી નેતાઓ સંસદમાં વિરોધ કરી રહ્યા છે. અમેરિકાએ મોકલેલા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સમાંથી ૩૧ પંજાબના, ૩૩ હરિયાણાના, ૩૩ ગુજરાતના, ૩ ઉત્તર પ્રદેશના, ૪ મહારાષ્ટ્રના અને ૨ ચંદીગઢના છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતીયોને દેશનિકાલ કરવાનો ખર્ચ અમેરિકન સરકાર ઉઠાવશે. ભારતીયોને દેશનિકાલ કર્યા પછી, યુએસ એમ્બેસીએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, જો તમે ગેરકાયદેસર રીતે સરહદ પાર કરશો તો તમને પાછા મોકલી દેવામાં આવશે. આપણા દેશના ઈમિગ્રેશન કાયદાઓને મજબૂત બનાવવા એ અમેરિકન સુરક્ષા અને આપણા લોકોના હિત માટે મહત્વપૂર્ણ છે. અમારી નીતિ એ છે કે, શક્ય તેટલી સંપૂર્ણ હદ સુધી ઈમિગ્રેશન કાયદાઓનો અમલ કરીએ. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે આ કાર્યવાહી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વોશિંગ્ટન ડીસીની મુલાકાતના થોડા દિવસો પહેલા જ કરવામાં આવી છે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્યાપક વાટાઘાટો કરશે. આજે સવારે અમદાવાદ ખાતે ૩૩ ગુજરાતીઓને પણ લાવવામાં આવ્યા હતા.

### વિદેશમંત્રીએ આપ્યો જવાબ

## અમેરિકાએ ભારતીયોને પ્લેનમાં સાંકળથી બાંધીને કેમ મોકલ્યા?

### નિયમ મુજબ જ્યારે લોકોને વિમાનથી પાછા મોકલવામાં આવે છે ત્યારે તેમને સુરક્ષા માટે બાંધીને રાખવામાં આવે છે : જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

અમેરિકાથી ભારતીયોની વાપસી અંગે સંસદમાં મચેલી બબાલને શાંત કરવા માટે વિદેશમંત્રી એસ જયશંકરે રાજ્યસભામાં નિવેદન આપ્યું અને સાથે સાથે એ પણ જણાવ્યું કે આ તમામ ભારતીયોને કેમ અમેરિકી વાયુસેનાના વિમાનમાં હાથ પગ બાંધીને બેસાડવામાં આવ્યા હતા? એસ જયશંકરે જણાવ્યું કે આ તમામ દેશોની જવાબદારી છે કે જો તેમના નાગરિક વિદેશમાં ગેરકાયદેસર રીતે રહેતા મળી આવે તો તેમને પાછા લઈ લેવા



જોઈએ. એસ જયશંકરે વધુમાં કહ્યું કે અમેરિકામાં લોકોને પાછા મોકલવાની (ડિપોર્ટ કરવાનું) પ્રક્રિયા ત્યાંની ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ઓથોરિટી કરે છે. ભારતીયોને સાંકળથી હાથ પગ બાંધવા અંગે મચેલા વિવાદ પર બોલતા તેમણે કહ્યું કે, ૨૦૧૨થી લાગૂ એક નિયમ મુજબ જ્યારે લોકોને વિમાનથી પાછા મોકલવામાં આવે છે ત્યારે તેમને સુરક્ષા માટે બાંધીને (રિસ્ટ્રેન) રાખવામાં આવે છે. પરંતુ ICE એ અમને જણાવ્યું છે કે મહિલાઓ અને બાળકો આ પ્રક્રિયાથી મુક્ત હોય છે. એટલે કે તેમને બાંધવામાં આવતા નથી. જો કે એસ જયશંકરે વધુમાં કહ્યું કે અમે અમેરિકી સરકાર સાથે વાતચીત કરી રહ્યા છીએ જેથી કરીને એ સુનિશ્ચિત કરી શકાય કે પાછા ફરનારા લોકો સાથે કોઈ પણ પ્રકારનો દુર્વ્યવહાર ન થાય.

## અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયો મુદ્દે સંસદમાં વિપક્ષ દ્વારા હોબાળો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશેલા ૧૦૪ ભારતીયો પોતાના વતન પરત ફર્યા છે. બુધવારે આ ભારતીયોને લઈને એક અમેરિકન લશ્કરી વિમાન અમૃતસર એરપોર્ટ પહોંચ્યું હતુ. આ મુદ્દો લોકસભામાં વિપક્ષી સાંસદો દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષી નેતાઓએ સંસદ પરિસરમાં હાથકડી પહેરીને સરકારી નીતિઓનો વિરોધ કર્યો હતો.

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું, "આ જે રીતે કરવામાં આવ્યું તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમને તે લોકોને દેશનિકાલ કરવાનો દરેક કાનૂની અધિકાર છે, પરંતુ તેમને અચાનક લશ્કરી વિમાનમાં હાથકડી પહેરાવીને મોકલવા એ ભારતનું અપમાન છે, તે ભારતીયોના ગૌરવનું અપમાન છે." સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે લોકસભામાં કાર્યવાહી



સ્થગિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. કોંગ્રેસના સાંસદ ગોગોઈએ જણાવ્યું હતું કે દેશનિકાલ પ્રક્રિયા દરમિયાન આ વ્યક્તિઓને હાથકડીથી બાંધવામાં આવ્યા હોવાના અને તેમની સાથે અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હોવાના અહેવાલો આવ્યા છે, જે તેમના ગૌરવ અને અધિકારો અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે તાત્કાલિક મુદ્દો વિદેશમાં આપણા નાગરિકો સાથેના વર્તન સાથે સંબંધિત છે, તે માનવ અધિકારો પર ભારતના રાજદ્વારી વલણ અંગે વ્યાપક ચિંતાઓને પણ પ્રતિબિંબિત કરે છે. ગોગોઈએ કહ્યું કે ભારત સરકારનું સતત મૌન, ખાસ કરીને વડા પ્રધાન તરફથી કોઈ નક્કર પ્રતિભાવનો અભાવ, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધાયું છે. રાજ્યસભામાં આ મુદ્દા પર કોંગ્રેસ, સીપીઆઈ, ટીએમસી અને આપના સાંસદોએ હંગામો મચાવ્યો.

અમેરિકાથી પરત ફરનારાઓમાં ૩૩ લોકો હરિયાણાના છે, જેમાંથી સૌથી વધુ ૧૧ લોકો કૈથલ જિલ્લાના હોવાનું કહેવાય છે. હરિયાણાના આ લોકોમાં સાત એવા છે જેમની ઉંમર ૨૦ વર્ષથી ઓછી છે. ત્રણ મહિલાઓ પણ પરત ફરી છે. આજે (૦૬ ફેબ્રુઆરી) આ મુદ્દો સંસદમાં પણ ઉઠાવવામાં આવ્યો હતો.

### ભારતીય પ્રવાસીઓની વાપસી મુદ્દે પ્રિયંકા ગાંધીનો કટાક્ષ

## ટ્રમ્પ અને મોદી ખૂબ સારા મિત્રો છે તો પછી પીએમ મોદીએ આવું કેમ થવા દીધું

। વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ ભારતીયોનો મામલો હાલમાં દેશ સહિત વિદેશમાં પણ ચર્ચામાં છે. બંને ગૃહોમાં વિપક્ષી નેતાઓએ આ મુદ્દા દ્વારા મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. ડિપોર્ટેશનના વિરોધમાં વિપક્ષના સાંસદોએ સંસદની બહાર પણ દેખાવ કર્યા હતા. તમને જણાવી દઈએ કે, બુધવારે યુએસ આર્મીનું વિમાન આ ભારતીયોને લઈને અમૃતસર પહોંચ્યું હતું. કોંગ્રેસનો દાવો છે કે અમેરિકાથી મોકલવામાં આવેલા લોકોના હાથ-પગમાં



હાથકડી બાંધેલી હતી. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલ, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ, કોંગ્રેસના સાંસદ ગુરજીત સિંહ અને અન્ય વિપક્ષી નેતાઓએ સંસદમાં હાથકડી પહેરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

### રાજ્યસભામાં ઉઠાવ્યો મામલો

## દિલ્હી-યુપીની ચૂંટણીમાં બુરખો ઉઠાવવાની ઘટના મુદ્દે ભડક્યા જયા બચ્ચન

। (એજન્સી) અયોધ્યા, તા.૬ ।

ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાની મિલ્કીપુર વિધાનસભા બેઠક પર બુધવારે (૫ ફેબ્રુઆરી) પેટાચૂંટણી યોજાઈ હતી. આ દરમિયાન મહિલા મતદારોનો બુરખો ઉઠાવીને તપાસ કરવામાં આવી હોવાનો સમાજવાદી પાર્ટીએ આક્ષેપ કર્યો છે. પાર્ટીએ આ મામલે ચૂંટણી પંચને પણ ફરિયાદ કરી છે. આ ઉપરાંત સપાના સાંસદ જયા બચ્ચને આ મુદ્દો રાજ્યસભામાં ઉઠાવ્યો છે. જયા બચ્ચને કહ્યું કે, 'રાષ્ટ્રપતિના અભિભાષણમાં મહિલાઓના સશક્તિકરણની વાત કરવામાં આવી, જે ખૂબ જ સારી વાત છે, પરંતુ તમામ મહિલાઓ સાથે એક જેવો વ્યવહાર થતો નથી, જેમ ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં મતદાન કેન્દ્રો પર લાઈનમાં ઉભેલી મહિલાઓનો બુરખો ઉઠાવી-ઉઠાવીને ઓળખ કરવામાં આવી રહી હતી. આવી ઘટના દિલ્હીમાં પણ બની છે અને ત્યાં બુરખો પહેર્યા વગરની મહિલાઓની કોઈ તપાસ ન કરાઈ અને જેણે બુરખો પહેર્યો, તો ઉઠાવીને જોવામાં આવ્યું કે, તમે મહિલા છો કે નહીં.' અખિલેશ યાદવે બુધવારે એક્સ પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે, પોલીસ મિલ્કીપુર પેટાચૂંટણીમાં મતદારોના ઓળખ કાર્ડની તપાસ કરી રહી છે. તેમણે ચૂંટણી પંચને આ મામલે કાર્યવાહી કરવા અને સંબંધિત અધિકારીઓને દૂર કરવાની માંગ કરી હતી. મિલ્કીપુર બેઠક પર ૫મી ફેબ્રુઆરીએ મતદાન થયું હતું અને પરિણામ ૮મી ફેબ્રુઆરીએ આવશે. નગીના સાંસદ ચંદ્રશેખર આઝાદે પણ મિલ્કીપુર મુદ્દે પ્રતિક્રિયા આપી અને ભાજપને ઘેરી લીધું.

### મહાકુંભ જતા શ્રદ્ધાળુઓને ભરખી ગયો કાળ

## જયપુરમાં રોડ અકસ્માતમાં આઠ લોકોના કરૂણ મોત

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૬ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં ૮ લોકોના કરૂણ મોત થયા છે. આ તમામ લોકો જયપુરથી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન માટે જઈ રહ્યા હતા. મળતી માહિતી અનુસાર, જયપુરના દૂદૂમાં દુર્ઘટના બની છે. ઘટનાની માહિતી મળતા જ મોખમપુરા પોલીસ સ્ટેશનના કર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય શરૂ કર્યું. દૂદૂના મોખમપુરામાં ગુરૂવાર (૬ ફેબ્રુઆરી) બપોરે ૩:૪૫ વાગ્યે નેશનલ હાઈવે ૪૮ પર કાર અને ખાનગી બસ વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જણાવાય રહ્યું છે કે, બસનું ટાયર ફાટતા તે બેકાબૂ થઈને ડિવાઈડર કૂદીને બીજી તરફ પહોંચી ગઈ હતી. આ દરમિયાન બસ અને કાર વચ્ચે ટક્કર થઈ. જે દુર્ઘટનામાં કારમાં સવાર ૮ લોકોના મોત થયા, જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ, તમામ મૃતકોના મૃતદેહ દૂદૂ હોસ્પિટલમાં રખાયા છે. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે મૃતકોની ઓળખ શરૂ કરી છે અને તેમના પરિવારજનોને આ ઘટનાની માહિતી આપી દેવાઈ છે. તો બીજી તરફ દુર્ઘટનાના કારણે રોડ પર લાંબો ટ્રાફિક જામ થયો. ક્રેનની મદદથી પોલીસે બસ અને ક્ષતિગ્રસ્ત કારને રસ્તા પરથી દૂર કરી અને વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો. અકસ્માત એટલો ગંભીર હતો કે બસ સાથે અથડાયા બાદ કારના ટુકડા થઈ ગયા અને કચ્ચરઘાણ નીકળી ગયો. પોલીસ અધિકારી સંજય પ્રસાદ મીણાએ જણાવ્યું કે, જોધપુર રોડવેઝની બસ જયપુરથી અજમેર જઈ રહી હતી.

### ખોટી રીતે ઘૂસ્યા તો હાંકી કાઢીશુ

## ગેરકાયદેસર ભારતીયોને ડિપોર્ટ કર્યા બાદ અમેરિકન એમ્બેસીનું નિવેદન

। (એજન્સી) અમેરિકન, તા.૬ ।

અમેરિકન દૂતાવાસે કહ્યું કે, 'જે પણ અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી કરશે, તેમને પરત મોકલવામાં આવશે. અમેરિકામાં ઈમિગ્રેશન કાયદો લાગુ કરવો રાષ્ટ્રીય સુરક્ષા અને લોકોની સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે'. નોંધનીય છે કે, અમેરિકન દૂતાવાસના નિવેદનમાં ડોનાલ્ડ ટ્રમ્પની જેમ ગેરકાયદે અપ્રવાસીઓનું 'એલિયન્સ' તરીકે સંબોધન કરવામાં આવ્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'આ ગેરકાયદે એલિયન્સ (અપ્રવાસી)ને દેશમાંથી કાઢવા માટે ઈમિગ્રેશન કાયદાનો પ્રામાણિક રૂપે પાલન કરવું અમેરિકાની નીતિ છે'. અમેરિકાના સૈન્ય વિમાનથી ભારત આવનાર કુલ ૧૦૪ ભારતીયમાંથી ૭૯ પુરૂષ, ૨૫ મહિલા અને ૧૩ બાળકોનો સમાવેશ થાય છે. બુધવારે (૫ ફેબ્રુઆરી) બપોરે ૨ વાગ્યે આ વિમાન અમૃતસર એરપોર્ટ પર લેન્ડ થયું હતું. મળતી માહિતી મુજબ, અમેરિકાથી પરત આવેલાં ભારતીયોને મેક્સિકો-અમેરિકા સીમાથી પકડવામાં આવ્યા હતાં. કહેવામાં આવી રહ્યું છે કે, તેઓ ભારતથી કાયદેસર રવાના થયા હતાં પરંતુ, ડંકી રૂટ દ્વારા અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકામાં ચૂંટણી જીત્યા બાદથી જ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદે અપ્રવાસીઓ મામલે કડક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પ સતત આ વાત કહી રહ્યા છે કે, ગેરકાયદે અપ્રવાસીઓને ડિટેન્શન સેન્ટર ન મોકલીને બને તેટલું જલ્દી તેમના દેશ પરત મોકલવા ઈચ્છે છે. હું નથી ઈચ્છતો કે, આ ગેરકાયદે અપ્રવાસી આપણાં દેશમાં ૨૦ વર્ષો સુધી કેમ્પમાં રહે.

AAP માટે ગૂડ ન્યૂઝ । કોંગ્રેસને એક પણ બેઠક નહીં મળે તેવી આશંકા : આ વિધાનસભા ચૂંટણીમાં મહિલા મતદારો ગેમ ચેન્જર સાબિત થઈ શકે

# DUના સરવેમાં આમ આદમી પાર્ટીને પૂર્ણ બહુમતનો દાવો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીની તમામ ૭૦ વિધાનસભા બેઠકો પર મતદાન પૂર્ણ થઈ ગયું છે. ઉમેદવારોનું ભાવિ EVMમાં કેદ થઈ ગયું છે અને હવે પરિણામો ૮ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવશે. ત્યારે હવે દિલ્હી યુનિવર્સિટીના સેન્ટર ફોર ગ્લોબલ સ્ટડીઝ (CGS) દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં આમ આદમી પાર્ટીને સંપૂર્ણ બહુમતી મળવાનો દાવો કરવામાં આવ્યો છે, જ્યારે ભાજપને ૨૯ બેઠકો મળવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બીજી તરફ કોંગ્રેસને એક પણ બેઠક નહીં મળે તેવી આશંકા વર્તાઈ રહી છે. આ વિધાનસભા ચૂંટણીમાં મહિલા મતદારો ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. CGS સમીક્ષા શ્રેણીમાં કેન્દ્ર દ્વારા આ ૧૫મો ચૂંટણી સર્વેક્ષણ છે. સંસ્થા દ્વારા મળેલી માહિતી પ્રમાણે કેન્દ્ર દ્વારા ચૂંટણી પરિણામોનું આ વલણ ૧૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ૭૦ વિધાનસભા બેઠકોના કુલ ૬૩,૫૩૪ મતદારોના મત-વ્યવહાર પર કરવામાં આવેલા અભ્યાસ પર આધારિત છે. આ સર્વેમાં વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોના લગભગ ૨,૩૧૬ વિદ્યાર્થીઓ અને સંશોધકોએ હિસ્સો લીધો હતો. કેન્દ્રના ડિરેક્ટર પ્રો. સુનીલ કે. ચૌધરીએ જણાવ્યું કે, આ સર્વેના પરિણામોને પશ્ચિમની લોકશાહી અસ્થિરતા સામે ભારતના લોકશાહી ઉદય અને સાયલન્ટ વોટર્સની મહત્તાના રૂપમાં વર્ણવે છે. આ ૨૪ દિવસની કવાયત દરમિયાન મતદારો સાથે એ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેની મતદાન પર અસર પડી શકે છે. કેન્દ્રના ડિરેક્ટર આચાર્ય સુનિલ કે ચૌધરીના મતે મહિલા મતદારો દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ગેમ ચેન્જર બની શકે છે. સર્વેક્ષણકારો દ્વારા એકત્રિત કરવામાં આવેલા સંવાદના આધારે એવું લાગે છે કે, ૧૦ થી ૧૨ બેઠકો એવી રહેશે જ્યાં જીત-હારનું અંતર ખૂબ ઓછું રહી શકે છે. તેથી આ બેઠકો અંગે ચોક્કસ કંઈ કહેવું મુશ્કેલ છે. આ બેઠકો બાબરપુર, આદર્શ નગર, ચાંદની ચોક, શાલીમાર બાગ, વિશ્વાસ નગર, કાલકાજી, નવી દિલ્હી, સંગમ વિહાર, બવાના, વઝીરપુર, નજફગઢ, લક્ષ્મી નગર છે. કેટલા ટકા મત અને કેટલી બેઠકો મળી રહી, આમ આદમી પાર્ટી - ૪૧ બેઠકો, ૪૪.૯૦ ટકા મત, ભારતીય જનતા પાર્ટી - ૨૯ બેઠકો, ૪૧ ટકા મતો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ - ૦ બેઠકો, ૮.૩૦ ટકા મત, અપક્ષ/અન્ય - ૦ બેઠકો, ૫.૮૦ ટકા મત.

ન્યૂઝ બ્રિફ

### ૩ શિક્ષકોએ શૌચાલયમાં ૧૩ વર્ષની વિદ્યાર્થિનીને પીંખી નાખી

। (એજન્સી) કૃષ્ણાગિરી, તા.૬ ।

તમિલનાડુના કૃષ્ણાગિરી જિલ્લામાં ૧૩ વર્ષની શાળાની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. શાળાના શિક્ષકોએ જ વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ કર્યું હતું. એક મહિના બાદ આ ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસે આ કેસમાં ૩ આરોપી શિક્ષકોની ધરપકડ કરી છે. બુધવારે ત્રણ શિક્ષકોની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેય આરોપીઓને ૧૫ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. કૃષ્ણગિરીના કલેક્ટર સી દિનેશ કુમારે જણાવ્યું હતું કે, કૃષ્ણગિરી જિલ્લાની એક સરકારી મિડલ સ્કૂલમાં ત્રણ શિક્ષકોએ ૧૩ વર્ષની વિદ્યાર્થીની પર કથિત રીતે જાતીય શોષણ કર્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) એ ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કર્યા છે અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટની અલગ-અલગ કલમો હેઠળ ધરપકડ કરી છે.

### વિમેન્સ સ્પોર્ટ્સમાં હવે ટ્રાન્સજેન્ડર્સને નો એન્ટ્રી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે વિમેન્સ સ્પોર્ટ્સમાં ટ્રાન્સજેન્ડર એથ્લીટની એન્ટ્રી પર પ્રતિબંધ મૂકી દીધો છે. અહીં રસપ્રદ વાત એ છે કે નેશનલ સ્પોર્ટ્સ ડેના દિવસે ટ્રમ્પે આ આદેશ જાહેર કર્યો હતો. આ આદેશ તે ટ્રાન્સજેન્ડર ખેલાડીઓને પણ લાગુ પડશે કે જેઓ જન્મ સમયે પુરુષ હતા અને પછીથી લિંગ પરિવર્તન કરાવીને સ્ત્રી બન્યા છે. આ એક્ઝીક્યુટીવ આદેશનું નામ કીપિંગ મેન આઉટ ઓફ વિમેન્સ સ્પોર્ટ્સ છે. આ આદેશ પર હસ્તાક્ષર કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, આ એક્ઝીક્યુટીવ આદેશની સાથે જ વિમેન્સ સ્પોર્ટ્સ પર ચાલી રહેલું યુદ્ધ સમાપ્ત થઈ જશે. તેમની સાથે કોંગ્રેસવુમન અને મહિલા એથ્લીટ પણ હાજર હતા.

### નર્સે ઘા પર ટાંકા લેવાની જગ્યાએ ફેવિક્વિક ચોંટાડી

। (એજન્સી) બેંગલુરુ, તા.૬ ।

કર્ણાટકની એક સરકારી હોસ્પિટલમાં નર્સની મોટી બેદરકારી સામે આવી છે. આ સરકારી હોસ્પિટલમાં એક નર્સે ઘા પર ટાંકા લેવાને બદલે ફેવિક્વિક ચોંટાડી દીધી. જોકે, ફરિયાદ બાદ આ નર્સને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં બુધવારે બોલાવાયેલી બેઠકમાં તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ સેવાઓના કમિશનરના કાર્યાલયના એક નિવેદન પ્રમાણે ફેવિક્વિક એક ચોંટાડનારો પદાર્થ જેની નિયમો હેઠળ તબીબી ઉપયોગ માટે મંજૂરી નથી. આ મામલે બાળકની સારવાર માટે ફેવિક્વિકનો ઉપયોગ કરીને ફરજમાં બેદરકારી દાખવવા બદલ જવાબદાર સ્ટાફ નર્સને પ્રાથમિક રિપોર્ટ બાદ સસ્પેન્ડ કરી દેવામાં આવી છે અને નિયમો અનુસાર વધુ તપાસ પેન્ડિંગ છે.

સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

## પહેલા પતિથી અલગ થયેલી મહિલા બીજા પતિ પાસે ભથ્થું માંગી શકે

**કોર્ટે કહ્યું, એ યાદ રાખવું જોઈએ કે CrPC ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણનો અધિકાર પત્નીને આપવામાં આવતો લાભ નથી પરંતુ પતિની કાનૂની અને નૈતિક જવાબદારી છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કોર્ટે કહ્યું, એ યાદ રાખવું જોઈએ કે CrPCની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણનો અધિકાર પત્નીને આપવામાં આવતો લાભ નથી પરંતુ પતિની કાનૂની અને નૈતિક જવાબદારી છે. પતિથી અલગ થયા પછી પત્નીના ભરણપોષણ અંગે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય કર્યો છે. કોર્ટે કહ્યું કે જો મહિલાના પહેલા લગ્ન કાનૂની રીતે ખતમ થયા ના હોય તો પણ તે તેના બીજા પતિ પાસેથી ભરણપોષણ મેળવવા માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો મહિલા અને તેના પહેલા પતિ પરસ્પર સંમતિથી અલગ થયા હોય, તો કાયદેસર છૂટાછેડા ના થવા તેને બીજા પતિ પાસેથી ભરણપોષણ મેળવવાથી રોકી શકતો નથી. તેલંગાણા હાઈકોર્ટે આદેશ આપ્યો હતો જેમાં સીઆર પીસીની કલમ ૧૨૫ હેઠળ મહિલાને તેના બીજા પતિ પાસેથી ભરણ પોષણ અપાવવાનો ઈનકાર કર્યો હતો. કારણ કે મહિલાએ તેના પહેલા પતિ સાથે કાનૂની રીતે લગ્ન તોડી નાખ્યા ન હતા. હવે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ સામે મહિલાની અપીલ સ્વીકારી લીધી છે. જસ્ટિસ બી.વી.નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી હતી. કોર્ટે કહ્યું, એ યાદ રાખવું જોઈએ કે ઝ્રિઁઝ્ર ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણનો અધિકાર પત્નીને આપવામાં આવતો લાભ નથી પરંતુ પતિની કાનૂની અને નૈતિક જવાબદારી છે. અપીલકર્તા મહિલાએ આ કેસમાં બીજા પુરુષ અને પ્રતિવાદી સાથે તેના પહેલા પતિને ઔપચારિક રીતે તલાક આપ્યા વિના શાદી કરી હતી. પ્રતિવાદીને મહિલાની પહેલી શાદીની જાણ હતી. બંને સાથે રહેતા હતા અને તેમને એક બાળક પણ હતું, પરંતુ કલેસને કારણે તેઓ અલગ થઈ ગયા. હવે મહિલાએ ઝ્રિઁઝ્ર ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણની માંગણી કરી હતી, જેને ફેમિલી કોર્ટે સ્વીકારી લીધી હતી. બાદમાં હાઈકોર્ટે ફેમિલી કોર્ટના આદેશને રદ કર્યો કારણ કે પહેલી શાદી કાયદેસર રીતે ખતમ થઈ ન હતી. પ્રતિવાદીનો તર્ક છે કે મહિલાને તેની પત્ની માની શકાય નહીં કારણ કે મહિલાની તેના પહેલા પતિ સાથેની શાદી કાનૂની રીતે ખતમ થઈ નથી. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે જ્યારે પ્રતિવાદી-બીજા પતિને મહિલાના પહેલી શાદીની જાણ હતી. આવી સ્થિતિમાં તે ફક્ત એટલા માટે ભરણપોષણ ચૂકવવાનો ઈનકાર કરી શકે નહીં કારણ કે મહિલાની પહેલી શાદી કાયદેસર રીતે સમાપ્ત નથી થઈ. કોર્ટે બે તથ્યો પર ભાર મૂક્યોઃ પ્રથમ, પ્રતિવાદીનો કેસ એવો નથી કે સત્ય તેનાથી છુપાવવામાં આવ્યું હતું.

ડંકી રૂટની દાસ્તાન

## પંજાબથી રખડતા રખડતા ૬ મહિને અમેરિકામાં પહોંચ્યા

**૩૦ લાખનો ખર્ચ કર્યો, પહોંચતા જ પાછા ભારત મોકલ્યા**



। (એજન્સી) પંજાબ, તા.૬ ।

પંજાબના ફતેહગઢ ચૂડિયાના જસપાલ સિંહ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અમેરિકામાં નવા જીવનની શરુઆતનું સપનું લઈ ભારતથી રવાના થયા હતા. પોતાની બચત, વિશ્વાસ અને શાનદાર ભવિષ્યની આશા આ બધા પર અમેરિકામાં હૂરિયો બોલાવી દીધો છે. પણ સારી શરુઆતનો મોકો મળવાની જગ્યાએ તેમને ધરપકડ અને ડિપોર્ટેશન મળ્યું. તેની સાથે જ તેમણે પોતાની આખી બચત પણ ખોઈ દીધી અને સપના પર પાણી ફરી વળ્યું. જસપાલ એ ૧૦૪ ભારતીયોમાંથી એક છે. જેમને બુધવારે અમેરિકી સૈન્ય વિમાનથી ભારત પાછા લાવવામાં આવ્યા. આ તમામ ૧૦૪ લોકો ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસવાટ કરતા હતા. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદેસર પ્રવાસીઓને લઈને નવા નિયમ અનુસાર, ભારતમાં વાપસી થઈ છે. ટ્રમ્પ અમેરિકામાં રહેતા તમામ ગેરકાયદેસર પ્રવાસીઓને આવી જ રીતે તેમના દેશમાં મોકલી રહ્યા છે. જસપાસ કાયદેસરના વીઝા લઈ અમેરિકા વસવા માગતા હતા, તેના માટે તેમણે એજન્ટને ૩૦ લાખ રુપિયા પણ આપ્યા હતા,પણ એજન્ટે છેતરપીંડી કરી. પીટીઆઈ સાથે વાત કરતા જસપાલ જણાવે છે કે, એજન્ટ સાથે મારે એગ્રીમેન્ટ થયું હતું તે મને પ્રોપર વીઝા સાથે કાયદેસર રીતે અમેરિકા મોકલશે. પણ મને દગો મળ્યો. આ ડિલ ૩૦ લાખમાં થઈ હતી અને હવે મારા બધા રુપિયા ડૂબી ગયા. એજન્ટે મને સૌથી પહેલા પંજાબથી યુરોપ મોકલ્યો. મને લાગ્યું કે, હું કાયદેસર રીતે જઈ રહ્યો છું. ત્યાંથી હું બ્રાઝીલ ગયો પછી મને ડંકી રુટ પર મોકલી દીધો. જસપાલ જણાવે છે કે, ડંકી રુટથી અમેરિકા પહોંચવામાં તેને ૬ મહિા લાગ્યા અને જેવા બોર્ડર પાર કરીને અમેરિકામાં એન્ટ થયા તો પેટ્રોલિંગ કરનારા જવાનોએ તેમની ધરપકડ કરી લીધી. તે આ જાન્યુઆરી મહિનામાં અમેરિકા પહોંચ્યા હતા. અમેરિકામાં ૧૧ દિવસ રહ્યા અને એ પણ ધરપકડમાં. તે જણાવે છે કે, જ્યારે મને સૈન્ય વિમાનમાં બેસાડવામાં આવ્યો તો મને લાગ્યું કે કોઈ અન્ય ડિટેંશન સેન્ટર લઈ જઈ રહ્યા છે. મને નહોતી ખબર કે આ લોકો મને ભારત પાછા મોકલી રહ્યા છે. બાદમાં એક અધિકારીએ જણાવ્યું કે, અમે લોકો પાછા ભારત જઈ રહ્યા છીએ. જસપાલ જણાવે છે કે, તેમને હાથકડી અને ઝંઝીરો લગાવીને અમેરિકાથી રવાના કરી દીધા. અમૃતસર પહોંચતા તેમની હાથકડીઓ છોડવામાં આવી. જ્યારે તેઓ સૈન્ય વિમાનમાંથી બહાર નીકળ્યા તો ખબર પડી કે આ તો ભારત પાછા આવી ગયા.

તેમના માસ્ટર પ્લાનથી વર્લ્ડકપ જીતી ટીમ : હાર્દિક

## સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ રોહિત શર્માના ભરપેટ વખાણ કર્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતે રોહિત શર્માની કેપ્ટનશીપ માં T20 વર્લ્ડકપ ૨૦૨૪ જીત્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતીય ટીમને અંતિમ ક્ષણમાં શાનદાર વાપસી કરી હતી. આ વાપસીની શરૂઆત હેનરિક ક્લાસેનના વિકેટથી થઈ હતી. જે ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ઝડપી હતી. હવે હાર્દિકે આ વિકેટ પાછળ રોહિત શર્માના માસ્ટર પ્લાન અંગે વાત કરી છે. હકીકતમાં ક્લાસેને આ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને બધાને ચોંકાવી દીધા હતા. મેચમાં એક સમયે દક્ષિણ આફ્રિકાને ૨૪ બોલમાં ૨૬ રનની જરૂરીયાત હતી. પરંતુ પંડ્યાએ ૧૭મી ઓવરની પહેલી બોલ પર ક્લાસેનને આઉટ કરી દીધો હતી. આ મહત્ત્વપૂર્ણ વિકેટ ઝડપ્યા બાદ ભારતે વાપસી કરી મેચ જીતી લીધી હતી. આ દરમિયાન હાર્દિકે રોહિતના વખાણ કરતા કહ્યું હતું કે, હું અને રોહિત શર્મા ઘણાં સમયથી સાથે રમી રહ્યા છીએ. મારી પર્સનાલિટી અને ક્રિકેટમાં હું કઈ વસ્તુઓને ધ્યાન રાખું છું એ તેને ખબર છે. આ બોલ ફેંકતા પહેલા રોહિતે મને ક્લાસેનને વાઈડ બોલ ફેંકવાની સલાહ આપી હતી. મને પણ ખ્યાલ હતો કે, તે વિચારતો હશે કે હું બોલ સ્ટમ્પ પર ફેંકીશ, કારણ કે તેનો પગ લેગ સ્ટમ્પની બાજુમાં હતો. તેથી મને ખબર હતી કે તે આ રીતે જ શોટને રમશે. મેં રન-અપ લેતા પહેલા તેની તરફ જોયું અને પોતાને કહ્યું કે, હું એક ધીમો બોલ ફેંકીશ કારણ કે અમે તે રીતે ફિલ્ડીંગ ગોઠવી ન હતી. કારણ કે હું તેને છેતરવા માંગતો હતો. બોલને હીટ કરવાની તેની રીત જોરદાર હતી. ક્લાસેનની વિકેટે અમારી જીતને સરળ બનાવી દીધી હતી. રોહિતના માસ્ટર પ્લાનથી ટીમ વર્લ્ડકપ જીતી હતી'. હકીકતમાં હાર્દિકની આ બોલને ક્લાસેન ડીપ એક્સ્ટ્રા કવરમાં મારવા માંગતો હતો. પરંતુ બોલ તેના બેટને અડીને વિકેટની પાછળ રિષભ પંતના હાથમાં પહોંચી.

ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે વન-ડે મેચ પહેલા

## ઓરિસ્સાના કટક સ્ટેડિયમમાં ટિકિટ કાઉન્ટર પર અંધાધૂંધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે વન-ડે સિરીઝની બીજી મેચ ૯ ફેબ્રુઆરીએ ઓરિસ્સાના કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે રમાશે. પરંતુ તે પહેલાં, આજે ટિકિટ કાઉન્ટર પર હજારો લોકોની ભીડ એકઠી થઈ જતાં અંધાધૂંધી મચી ગઈ હતી. ભીડ એટલી વધી ગઈ કે, નાસભાગ જેવી સ્થિતિ સર્જાી હતી. જેમાં કેટલાક લોકો બેભાન થઈ ગયા હતા. ઘણા લોકો ઘાયલ થયા છે. ટિકિટ ખરીદવા આવેલા લોકોએ આરોપ લગાવ્યો છે કે, વહીવટી તંત્રની બેદરકારીને કારણે આવી પરિસ્થિતિ ઊભી થઈ છે. ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ૬ ફેબ્રુઆરીથી વનડે સીરિઝ શરૂ થશે. જેમાં પ્રથમ મેચ નાગપુરમાં જ્યારે શ્રેણીની બીજી મેચ કટકમાં રમાશે. આ મેચ ૯ ફેબ્રુઆરીએ કટકના બારાબાતી સ્ટેડિયમ ખાતે રમાશે. સીરિઝની અંતિમ મેચ ૧૨ ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. સીરિઝની પહેલી અને બીજી મેચની ટિકિટોનું વેચાણ શરૂ થતાંની સાથે જ બંધ થઈ ગયું હતું. પહેલી મેચ માટે ટિકિટ બુક કરવા માટે લગભગ ૧ લાખ ૧૦ હજાર લોકોએ સાઈટની મુલાકાત લીધી હતી. જે બાદ બધા ક્રિકેટના ચાહકોએ લાઇનમાં ઉભા રહીને ટિકિટ લીધી હતી. બીજી મેચની ટિકિટ ખરીદતી વખતે નાસભાગ મચી ગઈ. આ દરમિયાન પોલીસે લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો તેમજ પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. કોઈક રીતે પરિસ્થિતિ સંભાળી લેવામાં આવી. આટલી મોટી ભીડની અપેક્ષા નહોતી પણ ટિકિટ માટેનો ધસારો જોઈને બધા દાવા નિષ્ફળ ગયા.

IBBIએ તાત્કાલિક લાગૂ કર્યો આ નવો નિયમ

## હવે ઘર ખરીદવા માંગતા લોકોને થશે જોરદાર ફાયદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઘર ખરીદવા માંગતા લોકો માટે ખુશખબરી આવી છે. હવે રિઝોલ્યુશન પ્રોસેસ દરમિયાન જ તમને ઘરનું પઝેશન મળી જશે. તેનો અર્થ છે કે, હોમ બાયર્સને ઘરનું પઝેશન લેવા માટે રિઝોલ્યૂશન પ્રોસેસ ખત્મ થવા સુધીની રાહ નહીં જોવી પડે. તેના માટે ઈનસોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (IBBI)એ નિયમોમાં ફેરફાર કર્યા છે. IBBIએ આ ફેરફારને ૩ ફેબ્રુઆરીએ નોટિફાઈ કર્યા છે. આ ફેરફાર તાત્કાલિક લાગૂ થઈ ગયો છે. IBBIના આ પગલાથી લાખો ઘર ખરીદદારોને ફાયદો થશે. હાલ રિયલ એસ્ટેટ કંપનીની વિરુદ્ધ ચાલી રહેલી ઈનસોલ્વેન્સી પ્રક્રિયા ખત્મ થયા બાદ જ તેમને ઘરનું પઝેશન મળતુ હતુ. આમાં ઘણો સમય લાગતો હતો. ત્યાર સુધી ઘર ખરીદદારોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. તેમને એ પણ ખબર નથી હોતી કે, ઈનસોલ્વેન્સી પ્રક્રિયા ખત્મ થવામાં કેટલો સમય લાગશે. નિયમોમાં ફેરફારથી ઘર ખરીદદારોની આ મુશ્કેલી દૂર થઈ ગઈ છે. IBBIએ કોર્પોરેટ ઈનસોલ્વેન્સી રિઝોલ્યૂશન પ્રોસેસ સંબંધિત નિયમોમાં ઘણા ફેરફાર કર્યા છે. આમાં સૌથી મહત્વનો ફેરફાર એ છે કે, રિઝોલ્યૂશન પ્રોફેશનલ્સને રિઝોલ્યૂશન પ્રોસેસ દરમિયાન પ્લોટ, એપાર્ટમેન્ટ કે બિલ્ડિંગ્સનું પઝેશન ખરીદદારને આપવાનો અધિકારી આપવામાં આવ્યો છે. તેના માટે બધી ઔપચારિકતાઓ ખત્મ થયા બાદ રિઝોલ્યૂશન પ્રોફેશનલને કમિટી ઓફ ક્રેડિટર્સનું અપ્રૂવલ લેવું પડશે. રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં રિઝોલ્યૂશન પ્રોસેસ પૂરી થવામાં સામાન્ય રીતે લાંબો સમય લાગે છે. IBBIએ ઘર ખરીદદારો માટે એક બીજો મોટો નિર્ણય લીધો છે. હવે હોમ બાયર્સ જેવા મોટા ક્રેડિટર્સની મદદ કરવા માટે ફેસિલિટેટર્સ હશે. તેઓ રિઝોલ્યૂશન પ્રોસેસમાં હોમ બાયર્સની વધારે હિસ્સેદારી સુનિશ્ચિત કરશે. આ ફેસિલિટેટર્સ ઓથરાઈઝ્ડ રિપ્રઝેન્ટેટિવ્સ અને ક્રેડિટર્સની વચ્ચે ઈન્ટરમીડિયરીઝનું કામ કરશે. તેનાથી ઈનસોલ્વેન્સીની પ્રક્રિયા સંબંધિત બધી જાણકારીઓ મળી શકશે. હવે કમિટી ઓફ ક્રેડિટર્સ રિઝોલ્યુશન પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે નોઈડા અને હુડા જેવા જમીન સત્તાવાળાઓને બેઠકોમાં આમંત્રિત કરી શકશે. આ સત્તાવાળાઓ રેગ્યુલેટર અને લેન્ડ ડેવલપમેન્ટ સંબંધિત મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય આપશે. તેનાથી રિઝોલ્યુશન પ્રક્રિયામાં ઘર ખરીદનારા સહિત તમામ પક્ષોનો વિશ્વાસ વધશે. રિયલ્ટી સેક્ટરના નિષ્ણાતોનું કહેવું છે કે IBBIના આ નિર્ણયોથી ઘર ખરીદનારાઓને ઘણી મદદ મળશે.

## દિલ્હીમાં ચૂંટણી પરિણામ પહેલા જ ઓપરેશન લોટસનો આરોપ!

**ભાજપે દિલ્હીમાં અમારા બે મંત્રીઓને ખરીદવાનો પ્રયાસ કર્યો છેઃ અમે તમામ સંઘર્ષો કર્યા બાદ દિલ્હીને બચાવ્યું છે**




। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો પર ગઈકાલે (૫ ફેબ્રુઆરી) ચૂંટણીનું મતદાન પૂર્ણ થવા છતાં રાજકારણમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપ જોવા મળી રહ્યો છે. આઠમી ફેબ્રુઆરીએ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે, જોકે તે પહેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'ભાજપે ઓપરેશન લોટસ પર કામ શરૂ કરી દીધું છે. ભાજપે અમારા ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કર્યો છે. તેઓ કેટલાકને ખરીદવામાં નિષ્ફળ ગયા છે. તેઓ નાણાં અને તપાસ એજન્સીઓનો ઉપયોગ કરી રહ્યા છે. ભાજપે દિલ્હીમાં અમારા બે મંત્રીઓને ખરીદવાનો પ્રયાસ કર્યો છે. અમે તમામ સંઘર્ષો કર્યા બાદ દિલ્હીને બચાવ્યું છે.' સંજય સિંહે કહ્યું કે, 'અમારા અનેક ધારાસભ્યોએ અમને માહિતી આપી છે કે, ભાજપે આમ આદમી પાર્ટીના સાત ધારાસભ્યોને ૧૫-૧૫ કરોડ રૂપિયામાં પાર્ટી છોડવાનો, પાર્ટી તોડવાનો અને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાની ઓફર આપી છે. તેઓએ એક-બે ધારાસભ્યોને રૂબરૂ મળીને પણ ઓફર આપી છે. તેઓ આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં સામેલ થઈ સરકાર બનાવવાની વાત કરી રહ્યા છે.' ભાજપના ઓપરેશન લોટ્સ બાદ ચૂંટણી લડી રહેલા અમારા ધારાસભ્યોને અમે એલર્ટ કર્યા છે. અમે તમામને કહ્યું છે કે, આવા કૉલ આવે તો રેકોર્ડિંગ કરજો. પછી તેની ફરિયાદ કરવામાં આવશે. જો કોઈ તમારી સાથે મુલાકાત કરી ઓફર આપે તો હિડન કેમેરો લગાવી વીડિયો બનાવજો. આ અંગેની સૂચના મીડિયા અને તમામને અપાશે. અમે અમારા તમામ ધારાસભ્યોને એલર્ટ કરી દીધા છે.' તેમણે વધુમાં કહ્યું કે, 'બે બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે, એક ભાજપે પરિણામ પહેલા હાર સ્વિકારી લીધી છે, તેઓ ખરાબ રીતે હારવાના છે. બીજી વાત એ કે, ભાજપે ખરીદવાની દેશભરમાં જે રીત અપનાવી છે, તેવું દિલ્હીમાં પણ શરૂ કરી દીધું છે.

## તંત્રી લેખ...

# શેરબજાર સતત બીજા દિવસે તૂટ્યું

શેરબજાર આજે ઘટાડા સાથે બંધ થયું છે. સેન્સેક્સ ૨૧૩ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી ૨૩,૬૦૩ પર બંધ થયો હતો. આજના ટ્રેડિંગમાં સીસીએલ પ્રોડક્ટ્સના શેરમાં ૪.૫%નો ઘટાડો જોવા મળ્યો. કંપનીના નિરાશાજનક ત્રીજા ક્વાર્ટર પરિણામો પછી ૬ ફેબ્રુઆરીના કંપનીનો શેર ૬૫૦ રૂપિયા પ્રતિ શેરના ઈન્ટ્રાડે નીચા સ્તરે પહોંચી ગયો છે. ગ્લોબલ સંકેતો વચ્ચે ગુરુવારે સ્થાનિક શેરબજાર પણ ઘટાડા સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) સેન્સેક્સ ૬ ફેબ્રુઆરીના ૨૧૩.૧૨ પોઈન્ટ ઘટીને ૭૮,૦૫૮.૧૬ પર બંધ થયો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી પણ ૯૨.૯૫ પોઈન્ટ ઘટીને ૨૩,૬૦૩.૩૫ ના સ્તરે બંધ થયો. આજના કારોબારમાં ફાર્મા, આઈટી, ખાનગી બેંક સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકોમાં ઘટાડો થયો હતો. જ્યારે ઓટો, એફએમસીજી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧-૨ ટકા ઘટ્યા હતા, જ્યારે મેટલ, પીએસયુ બેંક, ઉર્જા, મીડિયા, ઓઈલ અને ગેસ ૦.૪-૦.૮ ટકા ઘટ્યા હતા. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ૧.૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા ઘટ્યો. નિફ્ટીમાં ટ્રેન્ટ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, ભારતી એરટેલ, ટાઈટન કંપની, એનટીપીસી સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે સિપ્લા, અદાણી પોર્ટ્સ, ઈન્ફોસિસ, ડૉ. રેડ્ડીઝ લેબ્સ, ટાટા કન્ઝ્યુમરના શેરમાં વધારો જોવા મળ્યો હતો. મોટી કંપનીઓના નફાના અહેવાલો બાદ વોલ સ્ટ્રીટમાં વધારો થયા બાદ ગુરુવારે વૈશ્વિક શેરબજારોમાં તેજી જોવા મળી હતી. એશિયામાં જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ ૦.૬% વધીને ૩૯,૦૬૬.૫૩ પર બંધ થયો. ઓસ્ટ્રેલિયાનો S&P/ASX ૨૦૦ ૧.૨% વધીને ૮,૫૨૦.૭૦ પર પહોંચ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૧.૧% વધીને ૨,૫૩૬.૭૫ પર પહોંચ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ૧.૪% વધીને ૨૦,૮૯૧.૬૨ પર પહોંચ્યો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ૧.૩% વધીને ૩,૨૭૦.૬૬ પર પહોંચ્યો. શરૂઆતના વેપારમાં ફ્રાન્સનો CAC ૪૦ ૦.૩% વધીને ૭,૯૧૨.૧૯ પર બંધ રહ્યો હતો, જ્યારે જર્મનીનો DAX ૦.૭% વધીને ૨૧,૭૧૦.૧૦ પર બંધ રહ્યો હતો. બ્રિટનનો FTSE ૧૦૦ ૦.૮% વધીને ૮,૬૯૪.૮૯ પર બંધ રહ્યો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે દૂરદર્શન સહિત અનેક પ્લેટફોર્મ પર દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે

બહુપ્રતીક્ષિત પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ (PPC 2025) ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાવાની છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે વાર્તાલાપ કરશે અને પરીક્ષાની તૈયારી, તણાવ વ્યવસ્થાપન અને વ્યક્તિગત વિકાસ પર સમજણ આપશે.

આ વર્ષે પ્રત્યેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી ૩૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. જે રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ બોર્ડ સરકારી સ્કૂલો, કેન્દ્રીય વિદ્યાલય, સૈનિક સ્કૂલ, એકલવ્ય મોડેલ રહેણાંક સ્કૂલ, સીબીએસઈ અને નવોદય વિદ્યાલયમાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે. જેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ પ્રેરણા શાળા કાર્યક્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. કલા ઉત્સવ અને વીર ગાથાના વિજેતાઓ છે. આ વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી સાથે સીધા જોડાવા માટે પસંદ કરવામાં આવ્યા છે - જે આ આવૃત્તિને ભારતની વિવિધતા અને સમાવેશકતાનું સાચું પ્રતિબિંબ બનાવે છે. એક નવો પરિમાણ ઉમેરીને PPC 2025 આઠ એપિસોડમાં એક નવા રોમાંચક પ્રારૂપમાં પ્રસારિત થશે. પ્રધાનમંત્રી સાથેની પહેલી વાતચીત સીધી દૂરદર્શન, સ્વયં, સ્વયંપ્રભા, PMO યુટ્યુબ ચેનલ અને શિક્ષણ મંત્રાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની સોશિયલ મીડિયા ચેનલો પર સીધી પ્રસારિત કરવામાં આવશે. જેથી સમગ્ર દેશભરના દર્શકો આ સમૃદ્ધ અનુભવમાં ભાગ લઈ શકે.

PPCને જન આંદોલન બનવાની સાથે, આપણા બાળકોની શારીરિક અને માનસિક સુખાકારીને નોંધપાત્ર સમુદાય જોડાણ દ્વારા સંબોધવામાં આવી રહી છે. તે મુજબ, ૮મી આવૃત્તિ એટલે કે, PPC 2025માં વિવિધ ક્ષેત્રોની પ્રખ્યાત હસ્તીઓ સામેલ થશે. જેઓ PPCના ૭ પછીના એપિસોડમાં જીવન અને શિક્ષણના મુખ્ય પાસાઓ પર વિદ્યાર્થોને માર્ગદર્શન આપતા પોતાના અનુભવો અને જ્ઞાન શેર કરશે. આ સત્રોમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો, વિવિધ શૈક્ષણિક સંગઠનો અને રાષ્ટ્રીય સ્તરની શાળા સ્પર્ધાઓમાંથી પસંદગીની પ્રક્રિયા દ્વારા પણ પસંદ કરવામાં આવ્યા હતા. વિવિધ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા આ એપિસોડમાં સામેલ છે:

રમતગમત અને શિસ્તઃ એમ સી મેરી કોમ, અવની લેખારા અને સુહાસ યતિરાજ શિસ્ત દ્વારા ધ્યેય નિર્ધારણ, સ્થિતિસ્થાપકતા અને તણાવ વ્યવસ્થાપન વિશે વાત કરશે.

માનસિક સ્વાસ્થ્યઃ દીપિકા પાદુકોણ ભાવનાત્મક કલ્યાણ અને આત્મ-અભિવ્યક્તિના મહત્વ પર ચર્ચા કરશે.

પોષણઃ સોનાલી સબરવાલ અને રુજુતા દિવેકર સ્વસ્થ ખાવાની આદતો અને શૈક્ષણિક સફળતામાં ગુણવત્તાયુક્ત ઊંઘની ભૂમિકા પર પ્રકાશ પાડશે. ફૂડ ફાર્મર તરીકે જાણીતા રેવંત હિમત્સિંગકા સ્વસ્થ જીવનશૈલી જીવવા માટેની જાણકારી આપશે.

ટેકનોલોજી અને નાણાકીયઃ ગૌરવ ચૌધરી (ટેકનિકલ ગુરુજી) અને રાધિકા ગુપ્તા સ્માર્ટ શિક્ષણ અને નાણાકીય સાક્ષરતા માટે ટેકનોલોજીને એક સાધન તરીકે શોધશે.

સર્જનાત્મકતા અને સકારાત્મકતાઃ વિક્રાંત મેસી અને ભૂમિ પેડનેકર વિદ્યાર્થીઓને નકારાત્મક વિચારોની કલ્પના કરવા અને મુક્ત કરવા માટે પ્રેરણા આપશે, જેનાથી સકારાત્મક માનસિકતાનો વિકાસ થશે.

માઈન્ડફુલનેસ અને માનસિક શાંતિઃ સદગુરુ વિદ્યાર્થીઓને માનસિક સ્પષ્ટતા અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવા માટે વ્યવહારુ માઈન્ડફુલનેસ તકનીકો શેર કરશે. સફળતાની વાર્તાઓઃ UPSC, IIT-JEE, CLAT, CBSE, NDA, ICSE વગેરે જેવી વિવિધ પરીક્ષાઓના ટોપર્સ અને ઝની પાછલી આવૃત્તિના સહભાગીઓ કેવી રીતે પરીક્ષા પે ચર્ચાએ તેમની તૈયારીની વ્યૂહરચનાઓને પ્રભાવિત કરી અને તેમને પ્રેરિત રાખ્યા તે શેર કરશે. ૨૦૧૮માં તેની શરૂઆત થઈ ત્યારથી પરીક્ષા પે ચર્ચા એક રાષ્ટ્રવ્યાપી આંદોલન તરીકે વિકસિત થયું છે અને આ વર્ષની આવૃત્તિએ ૫ કરોડથી વધુ લોકોની ભાગીદારી સાથે અગાઉના રેકોર્ડ તોડી નાખ્યા છે. જે તેને અત્યાર સુધીની સૌથી આકર્ષક અને પ્રભાવશાળી આવૃત્તિ બનાવે છે. શિક્ષણ મંત્રાલયે ખાતરી કરવા માટે ખાસ પ્રયાસો કર્યા છે કે તમામ પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓ, માતાપિતા અને શિક્ષકો આ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે, જે પરીક્ષા પે ચર્ચાને એક પરિવર્તનશીલ પહેલ બનાવે છે જે યુવા મનને પોષે છે, તેમને શૈક્ષણિક સફળતા અને વ્યક્તિગત વિકાસ તરફ દોરી જાય છે.

**મુખ્ય પ્રધાન શક્તિપીઠ માની એક ગણવામાં આવે છે, પરંતુ દરેક શક્તિપીઠ કે મંદિર પાછળ આવું જ કારણ હોય એ પણ જરૂરી નથી**

# સદા ભક્તોને મનવાંછિત ફળ આપનારી છે, રાજપરાની આઈ ખોડિયાર



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



મહા ગુપ્ત નવરાત્રિ નો છેલ્લો દિવસ એટલે કે નોમ છે! અને મા જગદંબા નૈવેદ્ય જમીને વિદાય થશે, પણ એ પહેલાં મહા સુદ આઠમના દિવસે માં ખોડીયાર જયંતી હતી, અને વર્ષોથી ભાવનગર રહેવાને કારણે એ શક્તિ સ્ત્રોત કાયમ બળ આપ્યું છે, તો એને વિશે વાત કર્યા વગર કેમ રહેવાય! ભારતમાં મુખ્ય ૫૧ શક્તિપીઠો આવેલી છે અને દરેકનું પોતાનું એક અલગ મહાત્મય પણ છે, અને ત્યાં માતાજી સ્વયં પ્રગટ થયા હોય તેનો ઈતિહાસ પણ સાથે જોડાયેલો હોય છે. ૫૧ શક્તિ પીઠ પાછળ પણ એક કથા પ્રચલિત છે, કે દક્ષ યજ્ઞમાં યજ્ઞાગ્નિ દ્વારા સતી જ્યારે ભસ્મિત થયા એ અડધા બળેલા શબને લઈને ભગવાન શંકર ક્રોધાયમાન અવસ્થામાં આમથી તેમ ભમી રહ્યા છે, અને થોડી ક્ષણો વધારે થાય તો પૃથ્વીનો પ્રલય થવાની પુરેપુરી શક્યતા હતી માટે ભગવાન વિષ્ણુએ બાણ દ્વારા સતીના અંગોનો છેદ કરતા ગયાં અને એ રીતે શિવને ક્રોધિત અવસ્થામાંથી બહાર લાવ્યા. ભગવાન વિષ્ણુ દ્વારા સતીનાં જે ભાગ જે જગ્યા પર પડ્યા ત્યાં આગળ શક્તિપીઠનું નિર્માણ થયું. ભારતમાં અરવલ્લીની ગીરીકંદરાઓમાં જગત જનની અંબા સ્વરૂપે બિરાજમાન છે અને તે તેના મુખ્ય પ્રધાન શક્તિપીઠ માની એક ગણવામાં આવે છે. પરંતુ દરેક શક્તિપીઠ કે મંદિર પાછળ આવું જ કારણ હોય એ પણ જરૂરી નથી.

આઈ ખોડિયાર તરીકે જગ પ્રસિદ્ધ પામેલ માતાજી જ્ઞાતિએ ચારણ હતા. તેમનાં પિતાનું નામ મામડિયા અથવા મામૈયા અને તેમનાં માતાનું નામ દેવળબા અથવા મીણબાઈ હતું. તેઓ કુલ સાત બહેન અને એક ભાઈ હતાં. જેઓનાં નામ આવડ, જોગડ, તોગડ, બીજબાઈ, હોલબાઈ, સાંસાઈ, જાનબાઈ (ખોડિયાર) અને ભાઈ મેરખિયો અથવા મેરખો હતાં. તેમનું વાહન મગર છે. તેમનો જન્મ આશરે ૭મી સદીમાં મહા સુદ આઠમના દિવસે થયો હતો, જેથી તે દિવસે ખોડિયાર જયંતિ ઉજવવામાં આવે છે

ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકાનાં રોહિશાળા ગામમાં મામડિયા નામે એક ચારણ રહેતા હતાં. તેઓ વ્યવસાયે માલધારી હતાં, અને ભગવાન શિવનાં પરમ ઉપાસક હતાં. તેમનાં પત્ની દેવળબા પણ ખુબજ માયાળુ, અને ઈશ્વરની ભક્તિમાં લીન રહેવાવાળા હતાં. તેઓ માલધારી હોવાથી ઘરે દુઝાણાને લીધે સુખી સંપન્ન ઘર હતું, પણ વંશવેલો વધારનાર કોઈ હતું નહીં તેનું દુઃખ દેવળબાને સાલ્યા કરતું હતું. પતિ પત્ની બંન્ને જણા ઉદાર, માયાળુ અને અન્યના દુખે દુખી થનારા હતાં. આ ચારણ દંપતીનો નિયમ હતો કે તેનાં આંગણે આવેલો કોઈપણ ભિક્ષુક નિરાશ થઈને જાય નહીં, અને બનતી મદદ તેઓ તેમને કરતાં. તે સમયે એટલે કે સાતમી સદીમાં ભાવનગર જિલ્લાના વલ્લભીપુરમાં શિલાદિત્ય નામનો રાજા રાજ કરતો હતો. જેને મામડિયા ચારણ સાથે ગાઢ મિત્રાચારી હતી. મામડિયા ચારણ ન આવે ત્યાં સુધી શિલાદિત્યને દરબારમાં જાણે કે કંઈક ખુટતુ હોય તેમ લાગતુ. વલ્લભીપુરના રાજવી શિલાદિત્યના દરબારમાં કેટલાક ઈર્ષાળુ લોકો પણ હતાં. તેમને રાજા અને મામડિયા વચ્ચેની મૈત્રી આંખમાં કણાની જેમ ખુંચતી હતી. એક દિવસ રાજાનાં મનમાં બહુ ચાલાકીપૂર્વક એવુ ઠસાવવામા આવ્યુ કે મામડિયો નિઃસંતાન છે, તેનું મો જોવાથી અપશુકન થાય છે, જેથી ભવિષ્યમાં આપણુ રાજ પણ ચાલ્યુ જશે. અને એક દિવસ મામડિયા પોતાનાં નિત્યક્રમ મુજબ પ્રભાતનાં પહોરમાં રાજમહેલે આવીને ઊભા રહ્યા. રાજવીનાં મનમાં અદાવતિયાઓએ રેડેલું ઝેર ઘુમરાતું હતું. કંઈ બોલ્યા ચાલ્યા વગર એક જ વાક્યમાં 'મિત્રતા હવે પૂરી થાય છે' તેમ કહી શિલાદિત્ય પોતાનાં મહાલયમાં ચાલ્યા ગયા. ત્યાર બાદ રાજાનાં વર્તનનો મૂળ હેતુ લોકો પાસેથી જાણીને મામડિયાને ખુબજ દુઃખ થયુ,અને તે માર્ગમાં ચાલ્યા જતા હતાં ત્યારે તેને જે જે લોકો સામે મળ્યાં, તે વાંઝિયામેણા મારવા લાગ્યા. તેનાથી ખુબજ દુઃખી થઈને વલ્લભીપુરથી પોતાના ગામ આવી પત્નીને રાજા સાથે થયેલ વાત માંડીને કરી. મામડિયાને જીદંગી હવે તો ઝેર જેવી લાગવા માંડી. આમ પહેલેથી જ ભક્તિમય જીવન જીવતા મામડિયાએ ભગવાન શિવના શરણમાં માથુ ટેકવ્યું, અને શિવાલયમાં શિવલીંગની સામે બેસીને નિશ્ચય કર્યો કે તેમની અરજ ભગવાન નહીં સ્વીકારે તો તેઓ પોતાનું મસ્તક ઉતારીને કમળપૂજા ચડાવશે. મામડિયો ભગવાનની આરાધના કરવા લાગ્યો. આમ છતા કાંઈ સંકેત ન થયા, અને પોતાનુ મસ્તક તલવારથી ઉતારવા લાગ્યાં, ત્યારે જ ભગવાન શિવ પ્રસન્ન થયા અને પાતાળલોકનાં નાગદેવતાની નાગપુત્રીઓ અને નાગપુત્ર તેમને ત્યાં સાત પુત્રીઓ અને એક પુત્ર તરીકે જન્મ લેશે તેવું વરદાન આપ્યું.

આમ મામડિયો તો ખુશ થઈ ગયો અને ઘરે જઈને તેની પત્નીને વાત કરી. તેની પત્નીએ ભગવાન શિવનાં કહેવા મુજબ મહા સુદ આઠમના દિવસે આઠ ખાલી પારણા રાખી દીધાં, જેમાં સાત નાગણીઓ અને એક નાગ આવી ગયા, જે તરત જ મનુષ્યનાં બાળસ્વરૂપે પ્રગટ થયા. આમ મામડિયાને ત્યાં અવતરેલ કન્યાઓનાં નામ આવડ, જોગડ, તોગડ, બીજબાઈ, હોલબાઈ, સાંસાઈ, જાનબાઈ અને ભાઈ મેરખિયો રાખવામાં આવ્યું.

ખોડિયાર માતાજીનું નામ પડવા પાછળની કથા એવી જાણવા મળે છે કે, એક વખત મામડિયા ચારણનાં સૌથી નાના સંતાન એવા મેરખિયાને ખુબજ ઝેરી ગણાય તેવા સાપે દંશ દીધો હતો. જેની વાત મળતા જ તેના માતા પિતા અને સાતેય બહેનોના જીવ અદ્ધર થઈ ગયા અને ઝેર કેવી રીતે ઉતરે તેનો ઉપાય વિચારતા હતાં. તેવામાં કોઈએ એવો ઉપાય બતાવ્યો કે પાતાળલોકમાં નાગરાજા પાસેથી અમૃતનો કુંભ સુર્ય ઉગે તે પહેલા લાવવામાં આવે તો મેરખિયાનો જીવ બચે તેમ છે.


આ સાંભળીને બહેનોમાં સૌથી નાના એવા જાનબાઈ પાતાળમાંથી કુંભ લેવા ગયા. તેઓ જયારે કુંભ લઈને બહાર આવતા હતા ત્યારે રસ્તામાં તેમને પગમાં ઠેસ લાગી, અને તેથી તેમને ચાલવામાં તકલીફ પડતી હતી. આવુ બન્યુ ત્યારે તેના ભાઈ પાસે રહેલ બહેનને એવો સંકેત થયો કે આ જાનબાઈ ખોડી તો નથી થઈને? ત્યારે ઝડપ થી કુંભ લઈને આવી શકાય તે માટે જાનબાઈએ મગરની સવારી કરી જેથી તેનુ વાહન પણ મગર છે. જયારે તેઓ પાણીની બહાર આવ્યા ત્યારે ખોડાતા ખોડાતા આવતા હતાં તેથી તેનું નામ ત્યારથી ખોડિયાર પડયુ અને ત્યાર પછી લોકો તેને ખોડિયારનાં નામે જ ઓળખવા લાગ્યાં.

આઈ ખોડિયારના મંદિરો ગુજરાતમાં મુખ્ય ચાર જગ્યાએ આવેલ છે, ખોડિયાર મંદિર ગળધરા જે અમરેલી જિલ્લામાં આવેલું છે.ખોડિયાર માટેલ મંદિર, રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના માટેલ ગામે, ખોડિયાર મંદિર વરાણા, ગુજરાત રાજ્યના પાટણ જિલ્લાના સમી તાલુકાના વરાણા ગામે આવેલું છે, અને સૌથી વધુ મુખ્ય મંદિર તરીકે પ્રખ્યાત એવું ખોડિયાર રાજપરા ધામ, રાજપરા એ ભારત દેશનાં પશ્ચિમે આવેલા ગુજરાત રાજ્યનાં ભાવનગર જિલ્લાનાં સિહોર તાલુકાનાં રાજપરા ગામે આવેલ છે. જે ભાવનગરથી ૧૮ કિ.મી. તથા સિહોરથી ૪ કિ.મીનાં અંતરે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર આ ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરની સામે જ પાણીનો ધરો આવેલો છે. જે તાંતણીયા ધરા તરીકે પ્રખ્યાત છે. જેથી આ મંદિર તાંતણિયા ધરાવાળા ખોડિયાર અથવા રાજપરાવાળા ખોડિયાર તરીકે ભારતભરમાં પ્રખ્યાત છે. આ મંદિર ચોતરફ કુદરતી સૌંદર્ય વચ્ચે ઘેરાયેલું રમણીય ધાર્મિક સ્થળ છે. ભાવનગરના રાજવી પરિવાર કુળદેવી તરીકે ખોડિયાર માતાજીને પુજે છે. રાજપરાનું આ ખોડિયાર મંદિર સૌ પ્રથમ આતાભાઈ ગોહિલે બંધાવ્યુ હતું. ત્યાર બાદ ઈ.સ.૧૯૧૪ની આસપાસ ભાવનગરનાં રાજવી ભાવસિંહજી ગોહિલે આ મંદિરનું સમારકામ કરાવીને તેમાં સુધારા કર્યા હતાં. અહીં આઈ શ્રી ખોડિયાર માતાજીને સોનાનું છત્ર (સતર) ભાવસિંહજીએ ચડાવ્યુ હતું. કહેવાય છેકે તાંતણિયા ધરાવાળા સ્થળે માતા ખોડીયાર પ્રગટ થયાં હતાં. માઈભકતો દર રવિવારે અને મંગળવારે આ શકિતપીઠ જેવા જ તીર્થધામે આવી માતાજીની કૃપા મેળવવા પૂજન-અર્ચન પાઠ-વિધિ કરે છે. આ સ્થાનકમાં મા ખોડિયારની ખૂબ બાધા આખડી રાખતાં જોવા મળે છે, અને મનવાંછિત ફળની પ્રાપ્તિ થતાં ભક્ત માતાને ચૂંદડી શ્રીફળ ની સાથે સાથે લાપસીનો પ્રસાદ ધરાવે છે.

ભક્તિ ભાવથી ભરનારા શક્તિના તહેવારમાં આઈ ખોડિયારનું સ્મરણ સૌ માટે મંગલકારી સાબિત થાયને સૌ અનન્ય શક્તિ સ્ત્રોતને પ્રાપ્ત કરે એવી મા ના ચરણોમાં પ્રાર્થના.બોલો ખોડિયાર માત કી જય.

**પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે**

# મનુષ્ય બે વખત ભાન ભૂલે છે, એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે, એ બે વખતને સાચવવાના છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ત્રીજો અવતાર નારદજીનો એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે, તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો. ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે, પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દંઢ થાય નહીં.**




આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય,તો ઠાકોર જીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો.બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાયછે ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે, ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું. એમ કહી શકતો નથી કે, હું ઈશ્વરને જાણતો નથી.પછી કંઈ કહેવા પણું રહેતું નથી.ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવ ભાવ ભૂલી ગઈ હતી.લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપીઓનો મનોભાવ છે

આ શુદ્ધ અદ્વૈત છે,ત્યાં હું નથી કે તું નથી.હું કે તું નું અસ્તિત્વ જ રહેતું નથી.

શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી. સમ ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે.જીવનો અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે.તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ. મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે.

શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં.સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે,તેના થી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાણ પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી, જીવને માથ બાધક થાય છે.

ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. ઠાકોરજીનો અવતાર તમારા ઘરમાં થવો જોઈએ,મંદિરમાં નહીં માનવ શરીર એ ઘર છે, અને એજ મંદિર છે.

પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે.કોઈપણ ધર્મ માં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી

અંતઃકરણ શુદ્ધ થાય છે. પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય.બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર.આહ એટલે શ્રેષ્ઠ દિવસ. જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ.સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો, એ વરાહનું અવતારનું રહસ્ય છે.

ત્રીજો અવતાર નારદજીનો એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે, તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો. ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે, પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દઢ થાય નહીં. ભક્તિ સાથે જ્ઞાન- વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કિપલદેવનો એટલે કે જ્ઞાન-વૈરાગ્યનો.ભક્તિ જ્ઞાન- વૈરાગ્ય સાથે હશે, તો કાયમ ને માટે રહેશે.

છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચ ગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ,જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે, તો તમે ગુણાતીત થશો.તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે.

ઉપરના છ અવતારો બ્રાહ્મણ માટે ના તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે.સાતમો અવતાર યક્ષનો આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો, દસમો મત્સર નારાયણનો. આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે.તે ક્ષાત્ર ધર્મનો આદર્શ બતાવે છે.

અગિયારમો અવતાર કૂર્મનો. બારમો અવતાર ધન્વંતરીનો, તેરમો અવતાર મોહિની નારાયણ નો. આ અવતાર વૈશ્ય માટેના છે.

ચૌદમો અવતાર નૃસિંહ ભગવાન નો, એ પુષ્ટિનોઅવતાર છે. પ્રહલાદ ઉપર કૃપા કરી છે. પ્રહલાદ જેવી દષ્ટિથી જુઓ તો થાંભલામાં ભગવાનનાં દર્શન થશે. ઈશ્વર સર્વ વ્યાપક છે એમ બોલવાનું નથી, તેનો અનુભવ કરવાનો છે. પંદરમો અવતાર વામન ભગવાનનો છે. બલિ રાજા પૂર્ણ નિષ્કામ છે. માથે ભક્તિનું છત્ર છે અને ધર્મનું બખ્તર પહેર્યું છે.તેને ભગવાન પણ મારી શકતા નથી.આ છે વામનચરિત્રનું રહસ્ય પરમાત્મા મોટા છે.તો પણ બલિ રાજા આગળ તેઓ વામન એટલે કે નાના બન્યા છે.

સોળમો અવતાર પરશુરામનો છે. આ આવેશ-અવતાર છે. સત્તરમો વ્યાસ નારાયણનો અવતાર, અઢારમો રામજીનો અવતાર. તે મર્યાદા પુરુષોત્તમનો અવતાર છે. રામજીની મર્યાદાઓ નું પાલન કરો એટલે તમારામાં કામ મરશે અને કનૈયો આવશે. ઓગણીસમો અવતાર શ્રીકૃષ્ણનો શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે પૂર્ણ પુરુષોત્તમ.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ એક જ છે. મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે. એ બે વખતને સાચવવાના છે. એકમાં રામજીને યાદ કરો અને બીજામાં શ્રીકૃષ્ણને.રામજીના મર્યાદાનું પાલન કરો, તો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ પુષ્ટિ એટલે કૃપા કરશે.

એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે. રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં. એકના નામના અક્ષર સરળ,બીજાના જોડાક્ષર. ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી. રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણ એ જોડાક્ષર છે. સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર.જેના ઘરમાં રામજી ન પધારે, ત્યાં શ્રીકૃષ્ણ આવતા નથી. આ બે સાક્ષાત્પૂર્ણ પુરુષોત્તમ અવતાર છે. બાકીના સર્વ અવતારો અંશાવતાર છે. અલ્પકાળ માટે તથા અલ્પ જીવ ના ઉદ્ધાર માટે જે અવતાર થાય છે તે અંશાવતાર અને જે અનંત કાળ માટે તથા અનંત જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર થાય તે પૂર્ણાવતાર. ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર પ્રાપ્ત થાય.

તે પછી હરિ,કલ્કિ,બુદ્ધ આદિ મળી ચોવીસ અવતારો થયા છે. પરમાત્માના ચોવીસ અવતાર પરમાત્મા શબ્દમાંથી જ નીકળે છે પ એટલે પાંચ ર એટલે બે,મા એટલે સાડા ચાર,અર્ધો.ત્ એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડા ચાર. ભગવાન વેદવ્યાસે ભાગવત ચરિત્રોથી પરિપૂર્ણ ભાગવતનામનું પુરાણ બનાવ્યું. શૌનકજીએ પૂછ્યું કે, વ્યાસજી એ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેન પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો. અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે,તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### સોનાક્ષીએ પોતાનો ફ્લેટ તાજેતરમાં વેચ્યો હતો

# પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈએ બાંદ્રા વેસ્ટમાં ૨૪ કરોડનો લકઝરી ફ્લેટ ખરીદ્યો



સુભાષ ઘાઈએ બાંદ્રા વેસ્ટમાં ૨૪ કરોડનો લકઝરી ફ્લેટ ખરીદ્યો એક અઠવાડિયા પહેલા જ તેની પત્નીએ ૧૨ કરોડમાં એક ફ્લેટ વેચ્યો બોલિવૂડના પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈએ લગભગ એક અઠવાડિયા પહેલા મુંબઈના અંધેરી વિસ્તારમાં પોતાનું એક એપાર્ટમેન્ટ વેચી દીધું હતું. હવે તેણે એક નવું એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. આ બાંદ્રા પશ્ચિમમાં છે. તેની કિંમત ૨૪ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. સોનાક્ષીએ પણ તાજેતરમાં જ અહીં પોતાનો એક એપાર્ટમેન્ટ પણ વેચી દીધો હતો. બોલિવૂડ સ્ટાર્સ પ્રોપર્ટીમાં ઘણું રોકાણ કરે છે. છેલ્લા કેટલાક મહિનામાં, અમિતાભ બચ્ચનથી લઈને સુભાષ ઘાઈ સુધી, બધાએ કરોડો રૂપિયાના નફા માટે પોતાના એપાર્ટમેન્ટ વેચી દીધા છે. હવે ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈએ મુંબઈના બાંદ્રામાં એક મોંઘા એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. તેની કિંમત ૨૪ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. એક અઠવાડિયા પહેલા જ તેમણે અંધેરી સ્થિત પોતાનો ફ્લેટ ૧૨.૫ કરોડ રૂપિયામાં વેચી દીધો હતો. સુભાષ ઘાઈ અને તેમની પત્ની મુક્તા ઘાઈએ મુંબઈના બાંદ્રા વેસ્ટમાં ૨૪ કરોડ રૂપિયામાં એક મોંઘા એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. આ માહિતી નોંધણી મહાનિરીક્ષકની વેબસાઈટ પર સ્ક્વેર યાર્ડ્સ દ્વારા સમીક્ષા કરાયેલ મિલકત નોંધણી દસ્તાવેજોમાંથી મેળવવામાં આવી છે. આ સોદો ફેબ્રુઆરી ૨૦૨૫ માં નોંધાયેલો હતો. અમિતાભ બચ્ચને ૮૩ કરોડ રૂપિયાનું પોતાનું એપાર્ટમેન્ટ વેચ્યું, ૪ વર્ષ પહેલા ૩૧ કરોડમાં ખરીદ્યું, કૃતિ દર મહિને ૧૦ લાખ ભાડું ચૂકવતી હતી. આ મિલકત એમજે શાહ ગ્રુપના પ્રીમિયમ રહેણાંક પ્રોજેક્ટ '૮૧ ઓરેટ' માં સ્થિત છે, જેનો કાર્પેટ એરિયા ૪,૩૬૪ ચોરસ ફૂટ (૪૦૫.૪૨ ચોરસ મીટર) અને બિલ્ટ-અપ એરિયા ૫,૨૩૯ ચોરસ ફૂટ (૪૮૬.૬૯ ચોરસ મીટર) છે. આ વ્યવહારમાં ત્રણ કાર પાર્કિંગ જગ્યાઓનો સમાવેશ થતો હતો અને તેમાં ૧.૪૪ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચુકવણી અને ૩૦,૦૦૦ ની નોંધણી ફીનો સમાવેશ થતો હતો. બાંદ્રા વેસ્ટ તેના આલીશાન રહેણાંક આકર્ષણ માટે જાણીતું છે. મુંબઈના વાણિજ્યિક કેન્દ્ર બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સની નજીક હોવાને કારણે, તે બોલિવૂડ સેલેબ્સ અને બિઝનેસ ટાયકૂન્સ માટે એક પ્રિય સ્થળ છે. આ વિસ્તાર વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, બાંદ્રા-વરલી સી લિંક, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને આગામી મેટ્રો નેટવર્ક દ્વારા ઉત્તમ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. સોનાક્ષીએ એપાર્ટમેન્ટ વેચી દીધું હતું અભિનેત્રી સોનાક્ષી સિંહાએ તાજેતરમાં જ આ જ પ્રોજેક્ટમાં એક એપાર્ટમેન્ટ ૨૨.૫૦ કરોડ રૂપિયામાં વેચ્યું છે. IGR રેકોર્ડ મુજબ, તેમનું હજુ પણ '૮૧ ઓરિએટમાં બીજું એકમ છે.



હવે તેણે એક નવું એપાર્ટમેન્ટ ખરીદ્યું છે, આ બાંદ્રા પશ્ચિમમાં છે

# હિના ખાનના પરિવારમાંથી કોઈએ મને મોતની ધમકી આપીઃ રોઝલિન





### રોઝલિ ખાનને કહ્યું હતું કે આટલા કલાક આ સારવારમાં થતાં નથી અને આ સારવાર પછી તો દર્દી બેભાન રહે છે

હિના ખાન સ્ટેજ ૩ના બ્રેસ્ટ કેન્સરનો બહાદુરીથી સામનો કરી રહી છે અને સોશિયલ મીડિયા પર તેની અપડેટ્સ શેર કરતી રહે છે. થોડાં વખત પહેલાં રોઝલિન ખાને હિના ખાનની ટીકા કરી હતી અને તેની સ્થિતિ અંગે હિના અતિશ્યોક્તિ કરી રહી હોવાનો અને બીમારીનો ગેરલાભ ઉઠાવતી હોવાની વાત કરી હતી. તાજેતરના ઈન્ટરવ્યુમાં રોઝલિને આ નિવેદન પછીની સ્થિતિની વાત કરી છે, તેણે કહ્યું કે સત્ય કહેવું તેના માટે કેટલું અઘરું હતું. તેણે કહ્યું કે તેણે આ વાત કર્યા પછી મારી નાખવાની ધમકી અને અન્ય પરેશાનીભર્યા ફોનકોલ આવે છે, જેનો સામનો કરવો અઘરો થઈ રહ્યો છે. તેણે કહ્યું કે લોકોએ તેને ફોન કરીને અને સોશિયલ મીડિયા પર તેને અપશબ્દો કહ્યાં છે, ગાળો ભાંડી છે અને મારી નાખવાની તેમજ એસિડ ફેંકવા જેવું ગંભીર નુકસાન કરવાની ધમકીઓ પણ આપી છે. તેણે એમ પણ કહ્યું કે તેના માટે આ ધમકીઓ અસહનીય થઈ રહી છે. રોઝલિને આગળ ફરી એક નિવેદન કર્યું, જેનાથી વિવાદ થયો છે, તેણે કહ્યું કે તેને ખબર નથી આ ધમકીઓ અને અપશબ્દો પાછળ કદાચ હિના ખાનની નજીકના લોકો છે, કોઈ પરિવારજનો અને મિત્રો. તેણે કહ્યું કે આ ધમકીઓથી તેના માનસિક શાંતિ હણાઈ ગઈ છે. રોઝલિન પોતે પણ એક કેન્સર સર્વાઈવર છે. તેને હિનાની સારવાર આરોગ્યની દૃષ્ટિએ અને વ્યવહારિક દૃષ્ટિએ યોગ્ય ન લાગી તેથી તેણે આ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. રોઝલિને કહ્યું હતું કે કે પોતે એક કેન્સર સર્વાઈવર તરીકે તેને હિનાની વાતો ગેરવ્યાજબી લાગી હતી. તેણે કહ્યું હતું કે હિનાની વાતોથી દુનિયાભરમાં કેન્સરની સારવાર અંગે ગેરમાન્યતાઓ અને ખોટી માહિતી ફેલાઈ રહી છે. રોઝલિને આ ધમકીઓ અને અપશબ્દોની પરવા કર્યા વિના હજુ પણ આ મુદ્દે હિના તરફથી સ્પષ્ટતાની માંગણી કરી છે. એક જાણીતી વ્યક્તિ તરીકે સાચું અને જવાબદાર રહેવું એ તમારી જવાબદારી છે.એક ઈન્ટરવ્યૂ દરમિયાન હિનાએ કહ્યું હતું કે તેની મેસ્ટેકટોમીની સર્જરી ૧૫ કલાક ચાલી હતી, રોઝલિને કહ્યું હતું કે આટલા કલાક આ સારવારમાં થતાં નથી.

# બિગ બોસ ફેમ ઈશા માલવીયાએ ઈન્ટરનેટ પર લગાવી આગ, વાઈરલ થઈ તસવીરો



ટીવી શો 'ઉડારિયાં' અને 'બિગ બોસ' થી લાઈમલાઈટમાં આવેલી ઈશા માલવીયા ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય છે અને તે તેમનું દિલ જીતવાની કોઈ તક છોડતી નથી. તાજેતરમાં ઈશાએ રાશા થડાનીના ગીત 'ઉઈ અમ્મા' પર તેના ડાન્સથી બધાને ચોંકાવી દીધા હતા. હવે તેણે પોતાની નવી તસવીરોથી ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. આ તસવીરો ઈશા માલવીયાએ જંગલ અને પહાડોની વચ્ચે કરાવેલા એક ફોટોશૂટની છે. ઈશા માલવિયાની આ તસવીરો જોઈને એક ફેને લખ્યું હતું કે 'અપ્સરા જેવી દેખાય છે.' અન્ય એક પ્રશંસકે લખ્યું હતું કે 'મારી પાસે એક જ દિલ છે.' બીજી ટિપ્પણી છે, 'હવે મને સમજાયું કે આ પોસ્ટ આટલી મોડી કેમ આવી. ચાંદ તો રાત્રે જ નીકળે છે ને? અન્ય એક પ્રશંસકે લખ્યું હતું કે 'તમે કેટલા અદ્ભુત લાગો છો.'વર્ક ળન્ટની વાત કરીએ તર પો ઈશા માલવીયાએ પોતાના કરિયરની શરૂઆત મોડલિંગથી કરી હતી અને પછી ટીવી શો 'ઉડારિયાં'માં જોવા મળી હતી. 'બિગ બોસ' દ્વારા તેની ફેન ફોલોઈંગમાં વધારો થયો હતો. આ પછી ઈશાએ ઘણા મ્યુઝિક વીડિયો પણ કર્યા હતા. તેણે સૌંદર્ય સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો હતો. તાજેતરમાં જ એકતા કપૂરે 'નાગિન ૭' વિશે એક હિંટ આપી હતી, જેના પછી ચાહકો ઉત્સાહિત થઈ ગયા છે. તેઓ માંગ કરી રહ્યા છે કે એકતા કાં તો ઈશા માલવિયાને સાઈન કરે અથવા ચાહત પાંડેને શોમાં લે.

# ૭૦ વર્ષીય રેખાએ પોતાનાથી ઉંમરમાં નાના રાજકુમાર સંતોષીના ચરણ સ્પર્શ કર્યા



આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનની 'લવયાપા'ના સ્ક્રીનિંગમાં રેખાએ બધાનું ધ્યાન ખેંચ્યું. જ્યારે ૭૦ વર્ષીય રેખાએ નમીને તેમનાથી નાના રાજકુમાર સંતોષીના પગ સ્પર્શ કર્યા, ત્યારે બધા જોતા જ રહી ગયા. એટલું જ નહીં, રેખાએ આમિર ખાનનું સ્વાગત કર્યું અને તેમને ગળે લગાવ્યા. તેમની શૈલીએ ચાહકોના દિલ પણ જીતી લીધા.ભૂતકાળની પ્રખ્યાત અભિનેત્રી રેખા જ્યાં પણ જાય છે, તે શો અને લોકોના દિલ ચોરી લે છે. આમિર ખાનના પુત્ર જુનૈદની ફિલ્મ 'લવયાપા'ના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં પણ આવું જકંઈક બન્યું. જુનૈદ અને ખુશી કપૂર અભિનીત આ ફિલ્મ માટે આમિરે લગભગ આખા બોલિવૂડને આમંત્રણ આપ્યું હતું. દિગ્દર્શક રાજકુમાર સંતોષીથી લઈને 'હી મેન' ધર્મેન્દ્ર સુધી. પણ જ્યારે રેખા અંદર આવી ત્યારે બધા જોતા રહ્યા. અને રેખાએ આવતાની સાથે જ જે કર્યું તેણે બધાનું દિલ જીતી લીધું. રેખા કારમાંથી બહાર નીકળતાની સાથે જ અંદર ગઈ અને આમિરને જોઈને તેણે તેનું સ્વાગત કર્યું અને તેને ગળે લગાવ્યો અને રાજકુમાર સંતોષીના પગ પણ સ્પર્શ્યા. રાજકુમાર સંતોષી રેખા કરતા ઉંમરમાં નાના હોવા છતાં, આ અભિનેત્રી તરફથી રાજકુમાર સંતોષીના સિનેમામાં યોગદાનને શ્રદ્ધાંજલિ હતી. રેખા આમિરની પુત્રી અને જમાઈને મળી રેખા બાદમાં આમિરની પુત્રી આયરા ખાન અને જમાઈ નુપુર શિખરેને પણ મળી. રેખા સાથે તેની મેનેજર ફરઝાના પણ હતી. આ સમય દરમિયાન, રેખાના સિંદૂરએ પણ બધાનું ધ્યાન ખેંચ્યું. પરંતુ રેખાએ જે રીતે રાજકુમાર સંતોષીના પગને સ્પર્શ કર્યો તેણે ચાહકોના દિલ જીતી લીધા અને તેઓ અભિનેત્રીના મૂલ્યોની પ્રશંસા કરવા લાગ્યા.

### 'હેરા ફેરી' એક સુપર બોલિવૂડ કોમેડી ફિલ્મ છે

# પ્રિયદર્શનની 'હેરા ફેરી ૩'માં અભિનેત્રી તબ્બુની એન્ટ્રી



પ્રિયદર્શનની સુપરહિટ કોમેડી ફિલ્મ 'હેરા ફેરી'ની ત્રીજી શ્રેણી પર તબ્બુએ પ્રતિક્રિયા આપી છે. તબ્બુએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે કે આ કાસ્ટ તેના વિના અધૂરી છે.તબ્બુએ તેની પહેલી ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ સાથે પણ કામ કર્યું હતું. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક પ્રિયદર્શનની સુપરહિટ કોમેડી ફિલ્મ 'હેરા ફેરી'માં જોવા મળેલા કલાકારોમાંની એક તબ્બુએ ફિલ્મની ત્રીજી શ્રેણી વિશે કહ્યું છે કે 'હેરી ફેરી-૩'ની કાસ્ટ તેના વિના અધૂરી રહેશે. તબ્બુના હેરા ફેરીના સહ-અભિનેતા અક્ષય કુમારે તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર પ્રિયદર્શનને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી, જેના જવાબમાં ફિલ્મ નિર્માતાએ જવાબ આપ્યો હતો કે તે હેરા ફેરી ૩ બનાવવા માટે તૈયાર છે. સોમવારે રાત્રે તબ્બુએ ઈન્સ્ટાગ્રામ પર કુમારની પોસ્ટ ફરીથી શેર કરી, લખ્યુંઃ "અલબત્ત, મારા વિના કલાકારો પૂર્ણ ન હોત. આમાં તબ્બુએ અનુરાધાની ભૂમિકા ભજવી હતી. જણાવી દઈએ કે 'હેરા ફેરી' એક સુપર બોલિવૂડ કોમેડી ફિલ્મ છે. આ ફિલ્મ વર્ષ ૨૦૦૦ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ અને તબ્બુ મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ ગેરેજ માલિક બાબુરાવ ગણપતરાવ આપ્ટે (પરેશ રાવલ), એક ચાલાક અને ભટકતો છોકરો રાજુ (અક્ષય કુમાર) અને એક સંઘર્ષશીલ શ્યામ (સુનીલ શેટ્ટી) ની વાર્તા કહે છે. આમાં તબ્બુએ અનુરાધાનું પાત્ર ભજવ્યું હતું. પ્રિયદર્શનની આગામી હોરર-કોમેડી ફિલ્મ 'ભૂત બાંગ્લા'નું શૂટિંગ ત્રણેય કલાકારો ૨૦૦૬ ની સિક્વલ 'ફિર હેરા ફેરી' માં દેખાયા હતા પરંતુ તબ્બુ તેમાં નહોતી.

### એક્શન યુદ્ધ દ્રશ્ય માટે ૫૦૦ થી વધુ લડવૈયાઓને રાખ્યા

# કાંતારા ચેપ્ટર ૧'નું યુદ્ધ દ્રશ્ય ઐતિહાસિક બનશે

ઋષભ શેટ્ટીની ફિલ્મ કંતારા ચેપ્ટર ૧ એક ઐતિહાસિક યુદ્ધ દ્રશ્ય હશે, નિર્માતાઓએ એક્શન યુદ્ધ દ્રશ્ય માટે ૫૦૦ થી વધુ લડવૈયાઓને રાખ્યા છે. હોમ્બલે ફિલ્મ્સની આગામી ફિલ્મ 'કંતારાઃ પ્રકરણ ૧' એક મોટો સિનેમેટિક ધમાકો સાબિત થઈ રહી છે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ૨૦૨૨ માં રિલીઝ થયેલી "કાંતારા" એ સૌથી મોટી સ્લીપર હિટ ફિલ્મનો દરજ્જો પ્રાપ્ત કર્યો. નવા રેકોર્ડ બનાવીને એક અલગ ધોરણ સ્થાપિત કરો. હવે 'કાંતારાઃ ચેપ્ટર ૧' બ્લોકબસ્ટર બનવાની તૈયારીમાં છે. આ વખતે પણ નિર્માતાઓ દર્શકોને એક ખાસ સિનેમેટિક અનુભવ આપવા માટે તૈયારી કરી રહ્યા છે. ઘણા સમયથી એવા અહેવાલો આવી રહ્યા છે કે 'કાંતારાઃ ચેપ્ટર ૧' ના નિર્માતાઓ ફિલ્મમાં એક ભવ્ય યુદ્ધ દ્રશ્ય લાવવાના છે. યુદ્ધના દ્રશ્ય માટે સેંકડો નિષ્ણાત લડવૈયાઓને બોલાવ્યા છે. આ એક્શન નિષ્ણાતો સાથે મળીને ફિલ્મ માટે એક યુદ્ધ દ્રશ્ય બનાવશે જે ફક્ત પહેલી વાર જોવા મળશે જ નહીં પણ જોવા માટે પણ અદભુત હશે. આ એક્શન-વોર સીનનું શૂટિંગ ૩ મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે. ઉદ્યોગના એક સ્વતંત્ર સૂત્રના જણાવ્યા અનુસાર, 'હોમ્બેલે ફિલ્મ્સે 'કાંતારાઃ ચેપ્ટર ૧' માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે અને આ વખતે, ૫૦૦ થી વધુ વ્યાવસાયિક લડવૈયાઓને એક યુદ્ધ દ્રશ્ય બનાવવા માટે એકસાથે લાવવામાં આવી રહ્યા છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી. એક્શન કોરિયોગ્રાફી નિષ્ણાતો તેને સંપૂર્ણ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યા છે અને આ સિનેમેટિક અનુભવ કંઈક અલગ જ બનવાનો છે, જે પહેલા ક્યારેય નહોતો થયો.'કાંતારાઃ ચેપ્ટર ૧' ક્યારે રિલીઝ થશેઋષભ શેટ્ટીએ 'કાંતારાઃ ચેપ્ટર ૧' માટે વિશ્વની સૌથી જૂની અને વૈજ્ઞાનિક માર્શલ આર્ટ્સમાંની એક, કલારીપયટ્ટુમાં તાલીમ પણ લીધી છે. 'કાંતારાઃ ચેપ્ટર ૧' આ વર્ષે ૨ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. 'કાંતારાઃ ચેપ્ટર ૧' ઉપરાંત, હોમ્બલે ફિલ્મ્સ પાસે 'સલારઃ ભાગ ૨ - શૌર્યંગ પર્વમ' જેવી ફિલ્મો પણ પાઈપલાઈનમાં છે.




# શાહરૂખની સંતાનો માટે ઇમોશનલ અપીલ

શાહરૂખ ખાનના બંને સંતાનો સુહાના અને આર્યન ખાન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી ચુક્યા છે. સુહાના ખાને ઝોયા અખ્તરની ધ આર્ચિઝથી ડેબ્યુ કર્યુ અને હવે તે શાહરૂખ સાથે કિંગમાં કામ કરી રહ્યા છે. જ્યારે આર્યન ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરી રહ્યો છે. સોમવારે શાહરૂખ પરિવાર સાથે આર્યનની ડિરેક્ટર તરીકે ડેબ્યુ સિરીઝ'ધ બૅડ્ઝ ઓફ બોલિવૂડ'ની લોંચ ઈવેન્ટમાં હાજર રહ્યો હતો. આ ઈવેન્ટમાં હાજર લોકો સામે શાહરુખે એક ઈમોશનલ અપીલ કરી હતી,"વિનંતિ અને બહુ દિલથી હું ઈચ્છીશ કે મારા બાળકો જે પ્રથમ કદમ માંડી રહ્યાં છે, એમને પણ જો મને મળ્યો છે એમાંથી ૫૦ ટકા પ્રેમ પણ આ દુનિયા આપી દે તો પણ ઘણું થઈ જશે."આ સાથે શાહરુખે એવું પણ કહ્યું કે તેણે પોતાની રમૂજવૃતિ અને રમૂજી ક્ટેન્ટ બનાવવાની આવડત આર્યનને વારસામાં આપી છે."આ સિરીઝમાં મારી સાથે કામ કરી ચૂકેલા જે પણ લોકોએ કામ કર્યું એ બધાનો હું આભારી છું. એમણે ઘણું સારું કામ કર્યું છે. મેં આ સિરીઝના કેટલાંક એપિસોડ જોયાં છે. એ બહુ જ મજાના છે, મને એવું જોવું બહુ ગમે છે. મારા જોક્સથી લોકોને ખોટું લાગે છે, તકલીફ થઈ જાય છે. એટલે મેં મજાક કરવાની છોડી દીધી છે. મેં એ વારસો મારા દિકરાને સોંપી દીધો. મેં કહ્યું જા બેટા, બાપનું નામ રોશન કર."આ સિરીઝ વિશે જાહેર થયેલાં નિવેદન મુજબ,"એક બહારથી આવેલી મહત્વાંકાંક્ષી વ્યક્તિ અને તેનો મિત્ર બોલિવૂડની એક જાહોજલાલી ભરી અને અનિશ્ચિત દુનિયામાં પ્રવેશ કરે છે.



# વિકી અને અક્ષય એકબીજાનો ચહેરો પણ જોતાં નહોતાં




### કેરેક્ટરમાં વાસ્તવિકતા લાવવા બંને એક્ટર શૂટિંગના દિવસે જ આમને-સામને થયા હતા

વિકી કૌશલ 'છાવા'ની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ ઐતિહાસિક ફિલ્મમાં વિકી અને રશ્મિકા મંદાનાના રોયલ લૂક પહેલાંથી જ છવાઈ ગયાં છે. ૧૪ ફેબ્રુઆરીએ આ ફિલ્મ રિલીઝ થઈ રહી છે, એ પહેલાં દર્શકોના ઉત્સાહમાં વધારો કરવા માટે વિકીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેની કૅપ્શનમાં તેણે લખ્યું હતું, "છાવા કી દહાડ, શત્રુ પે ગરજેગી, વો તલવાર બનકે બરસેગા, વો શેર શિવા કા અંશ હૈ, આંધી કી તરહ આયા હૈ! હિન્દી સિનેમાની સૌથી મોટી ફિલ્મને બસ ૧૦ દિવસ બાકી છે. છાવા ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થાય છે" આ શેર કરતાં જ ફૅન્સે તેને વધાવી લીધો હતો અને ફિલ્મને અત્યારથી જ એક બ્લોકબસ્ટર ફિલ્મ જાહેર કરી દીધી હતી. છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત આ ફિલ્મમાં વિકી કૌશલ છત્રપતિ સંભાજી મહારાજના રોલમાં મુઘલ બાદશાહ ઔરંગઝેબ સામે ટક્કર લે છે, જે રોલ કરતો અક્ષય ખન્ના ટ્રેલરમાં બોલતો સંભળાય છે, "પુરે ખાનદાન કી લાશ પે ખડે હોકર હમને તાજ પહેના થા, ઉસે દોબારા ઉસી વક્ત પહેનેંગે જબ ઉસ સંભા કી ચીખેં પુરે હિન્દુસ્તાન મેં ગુંજેગી." ત્યારે કેટલાંક અહેવાલો એવા પણ છે કે પડદા પર દુશ્મની બરાબર નીભાવી શકે તે માટે અક્ષય અને વિકીએ શૂટ દરમિયાન એકબીજા સાથે વાત નહોતી કરી અને એકબીજાનો ચહેરો પણ જોવા માગતા નહોતા. ફિલ્મના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે, "એણે જે રીતે ઔરંગઝેબનું પાત્ર ભજવ્યું છે, એ જોઈને તમને ખરેખર ડર લાગશે.

# ઝાલોદ ખોડિયાર માતાના મંદિરે ખોડિયાર પ્રાગટ્ય દિવસની ઉજવણી ભક્તિભાવ સાથે ભાવિક ભક્તો દ્વારા કરવામાં આવી

## આનંદનો ગરબો, રાસ ગરબા, ભજન કીર્તન જેવા ધાર્મિક કાર્યક્રમોની રમઝટ દિવસ ભર ચાલી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

તારીખ ૦૫-૦૨-૨૦૨૫ એટલે ખોડિયાર પ્રાગટ્ય દિવસ, ખોડિયાર માતાના પ્રાગટ્ય વિશે અનેક લોકવાયકાઓ પ્રવર્તે છે. તેમનો જન્મ સાતમી સદીમાં મહાસુદ આઠમના દિવસે થયો હતો. લોક વાયકા મુજબ જાનબાઈ પાતાળમા કુંભ લેવા ગયા હતા ત્યાં તેમને પગમાં ઠોકર વાગતા તેઓને ચાલવામાં તકલીફ પડતી હતી..જાનબાઈ ને જલ્દી થી કુંભ લઈને જવું હોવાથી તેઓ મગરની સવારી કરીને પાણીની બહાર ગયા હતા ત્યા ઉતરતા તેઓને ચાલવામાં તકલીફ પડતી હતી ત્યારે જાનબાઈ ને તેમની બહેને કહ્યું કે તું ખોડી તો નથી થઈ ગઈને ...ત્યારથી તેમનું નામ ખોડિયાર પડયું હતું.

ઝાલોદ નગરમાં ખોડિયાર માતાનું ૨૭-૧૦-૧૯૬૪ ના રોજ એક વાવ કૂવો છે ત્યાં થી સતી માતાની મૂર્તિ નીકળેલ હતી આ મૂર્તિની સ્થાપના વાવ કુવા પાસે જ એક ડેરી બનાવી સ્થાપના નગરના સ્થાનિકો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ૩૧-૧૦-૧૯૮૮ ના રોજ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આ મંદિરમાં માઁ ખોડિયાર, અંબા માઁ, ગાયત્રી માતા ની મૂર્તિઓ પણ આવેલી છે. સમય જતાં આ મંદિરે નગરના લોકો તેમજ નગરની આસપાસના લોકો આ મંદિરે નિયમિત દર્શન કરવા આવા લાગ્યા તેમજ ત્યાં દર્શનાર્થીઓ જે પણ મનોકામના લઈને આવતા તે દરેક મોનોકામના દરેક ભક્તોની પૂર્ણ થવા લાગી હતી. આ મંદિરની સેવા આસરે પાંત્રીસ વર્ષો થી નગરના સ્થાનિક પુરાણી પરિવારના સદસ્યો દ્વારા કરવામાં આવે છે તેમજ આ મંદિરે માતાજીના


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આશીર્વાદ લઈ પ્રતિવર્ષ અંબાજી પગપાળા યાત્રા સંઘ પણ જતો હોય છે.

આજરોજ ખોડિયાર પ્રાગટ્ય દિવસે ખોડિયાર મંદિરના પ્રાંગણમાં પંચાલ સમાજની બહેનો દ્વારા આનંદનો ગરબો, રાસ ગરબા તેમજ ભજન કીર્તન કરવામાં આવ્યું હતું. આજના શુભ દિને માઁ ખોડીયાર મંદિરનો શણગાર આંખોમાં વસી જાય તેઓ હતો તેમજ માતાનો અનુપમ શણગારમા માઁ ખોડિયાર સાક્ષાત હાજરાહજુર છે તેવું દર્શનાર્થીઓને લાગતું હતું. માઁ ખોડીયારની ભવ્ય આરતી કરી કેક કાપી ખોડિયાર પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ખોડિયાર પ્રાગટ્ય દિવસ નિમિત્તે સ્થાનિક ભક્તો દ્વારા નવ વર્ષ પહેલાં મહાપ્રસાદ નું આયોજન એક નાના સ્વરૂપે કરવામાં આવ્યું હતું આજે માઁ ખોડિયાર મંદિરે સતત નવમા વર્ષે પણ સ્થાનિક ભક્તો દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે અંદાજીત માતાના મંદિરે ચાર હજાર ઉપરાંત ભક્તો મહાપ્રસાદનો લાભ આજના પવિત્ર દિવસે લેતા હોય છે.

# વલસાડમાં કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને કલા મહાકુંભ યોજાયો



। (માહિતી) વલસાડ, તા.૬ ।

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, વલસાડ દ્વારા સંચાલિત જિલ્લાકક્ષા કલા મહાકુંભ ૨૦૨૪-૨૫નું તા.૦૩ અને ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સંસ્કાર કેન્દ્ર તેમજ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેએના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કલામાં મહાકુંભમાં છ ભાગમાં ગાયન, નૃત્ય, વાદન, અભિનય, સાહિત્ય અને કલા વિભાગ ક્ષેત્રે ત્રણ વયજુથમાં કુલ ૨૩ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વલસાડ જિલ્લાના કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી એમ. જોષી, ઈ.ચા. આચાર્યશ્રી શાહ એન.એચ.કોમર્સ કોલેજ વિજય ચાંપાનેરી, ડોમ્સ કંપની આર્ટિસ્ટ જયેશભાઈ તેમજ ફીઝીકલ પ્રોફેસર શાહ એન.એચ.કોમર્સ કોલેજ મુકેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કલા મહાકુંભમાં તાલુકાકક્ષાના કલા મહાકુંભના વિજેતા કલાકારો તેમજ સીધી જિલ્લાકક્ષાની સ્પર્ધામાં કલાકારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જિલ્લા કક્ષામાં પ્રથમ વિજેતા કલાકારો દક્ષિણ ઝોન કક્ષા તાપી જિલ્લા ખાતે ભાગ લેવા જશે. જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અનેતૃતીય વિજેતા કલાકારોને રોકડ -પુરસ્કાર તેમજ પ્રમાણપત્રો આપવામાં આવશે.

# આઈ શ્રી ખોડિયાર જયંતિ નિમિત્તે ૨૨મો પાટોત્સવ


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૬ ।

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડીયાર જયંતિ નિમિત્તે શ્રી નરેન્દ્રભાઈ તેમજ અ.સૌ. રાજેશ્વરીબેન (રેખા માતાજી)ના મઢે સંવત ૨૦૮૧ ના મહા સુદ આઠમને બુધવાર તારીખ ૫/ ૨ /૨૫ ના રોજ માતાજીની મહાપ્રસાદી નો ભંડારો-ભજન-ભોજન-સત્સંગ તેમજ રાત્રે લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ હતું. કલાકારો શ્રી જયેશ બારોટ શ્રીદર્શન બારોટ, શ્રી જાગૃતિ બારોટ, શ્રી ઘનશ્યામ ગઢવી દ્વારા લોક



ડાયરા નો ભવ્યાતીભવ્ય પ્રોગ્રામ કરવામાં આવેલ હતો. દીવડા કોલોની વસાહત તેમજ આજુબાજુના વિસ્તારના માઈ ભક્ત શ્રીઓએ દર્શનનો તેમજ લોક ડાયરા નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# કોટબા આયુષમાન આરોગ્ય મંદિરને NQAS નું નેશનલ સર્ટી એનાયત કરવામાં આવ્યું

## એન.એચ.આર.સી દિલ્હીની ટીમે ગુણવત્તાસભરનું મૂલ્યાંકન કરી પ્રમાણપત્ર એનાયત કર્યું




। (માહિતી) ડાંગ, તા.૬ ।

ડાંગ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા જિલ્લા ક્વોલીટી એસ્યોરન્સ તબીબી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૦૧/૨૦૨૫ના રોજ ડાંગ જિલ્લા પંચાયત હસ્તક આહવા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગાઢવીમાં સમાવિષ્ટ આયુષ્માન આરોગ્ય મંદિર કોટબામાં એન.એચ.આર.સી દિલ્હીની ટીમ દ્વારા એનક્યુએએસ એસસેસમેન્ટ કરાયું હતું. જેમાં ૯૩.૧૯% સ્કોર સાથે કોટબા આરોગ્ય મંદિરને નેશનલ લેવલનું સર્ટિફિકેટ (National quality assurance standards, NQAS) એનાયત કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યમાં કુલ ૪ આયુષ્માન આરોગ્ય મંદિરને NQAS સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં છે. જેમાં કોશમકુવા વલસાડ ૯૨.૫૮% સ્કોર, કોટબા ડાંગ ૯૩.૧૯% સ્કોર, મોરડીયા ગીર સોમનાથ ૮૮.૯૨% સ્કોર, અને પાલડી ખેડા ૮૮.૪૧% સ્કોર સાથે નક્કી કુલ ૬ માપદંડોની ચકાસણી કરી સ્કોર આપવામાં આવ્યાં હતા. જેમાં ગુજરાતમાં કોટબા આયુષ્માન આરોગ્ય મંદિરને સૌથી વધુ સ્કોર પ્રાપ્ત થયાં હતાં. કોટબા,આયુષ્માન આરોગ્ય મંદિરમાં સગર્ભા માતાની તેમજ પ્રસૂતાની પ્રસૂતિ પછીની સાર સંભાળ, નવજાત શિશુ અને વર્ષથી નાના બાળકની આરોગ્યની સંભાળ, ડાયાબિટીસ, કેન્સર જેવા રોગોનું નિદાન, આંખ, નાક, કાન તથા ગળાને લગતી બીમારી અને રોગોનું સ્ક્રિનિંગ, નિદાન સહિત ૧૨ સેવાઓ અપાઈ રહી છે.

દિલ્હીની ટીમ દ્વારા આરોગ્ય અંગેના આ તમામ પાસાંઓની ચકાસણી કરી સ્કોર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત, ક્વોલિટી મેડિકલ ઓફિસર ડો. દિલિપ કુમાર શર્મા, તાલુકા આરોગ્ય અધિકારી ડો. અનુરાધા ગામીત, પી.એચ.સી મેડિકલ ઓફિસર ડો. રેણુકા ચૌધરી,મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર શ્રી સાજીદ શૈખ, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સુ.શ્રી દિપ્તી આમોસ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ હાજર હતા.

# ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

## “આદિવાસી : સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય” વિષય પર યોજાયેલા એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં સાહિત્ય સર્જકો-સંશોધકોએ ચિંતનલક્ષી વિચારો પ્રસ્તુત કર્યા



। (માહિતી) નર્મદા, તા.૬ ।

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દેડિયાપાડા કોલેજના IQAC અને રિસર્ચ સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૩/૦૨/૨૦૨૫ને સોમવારના રોજ ‘‘આદિવાસી : સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય’’ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનારના ઉદ્દ્ઘાટન સત્રના અધ્યક્ષ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવી દ્વારા વર્તમાન પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને આદિવાસી સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય વિશે વિગતવાર માહિતી આપી હતી.

જ્યારે પ્રખર સંપાદક-સંશોધક અને સર્જક એવા ડૉ. ભગવાનદાસ પટેલે ‘‘આદિવાસી લોકસાહિત્યના સંશોધન -સંપાદનના પડકારો’’ વિષય પર ચિંતનલક્ષી વક્તવ્ય આપ્યું હતું. સેમિનારના પ્રથમ સત્રમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ઈતિહાસ વિભાગના પ્રોફેસરશ્રી ડૉ. અરુણ વાઘેલાએ ‘‘ભારતના આદિવાસીઓનો સાંસ્કૃતિક વારસો’’ વિષય પર વિગતવાર અને જ્ઞાનસભર માહિતી આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સત્રમાં એમ.એલ.એસ.યુ.ઉદેપુર રાજસ્થાનના ઈતિહાસ વિભાગના મદદનીશ પ્રાધ્યાપકશ્રી ડૉ. મનીષ શ્રીમાળી દ્વારા ‘‘ભારતીય આદિવાસી સમાજ : વર્તમાન પરિપ્રેક્ષ્યમાં’’ વિષયને ધ્યાનમાં રાખીને વર્તમાન આદિવાસી સમાજની પરિસ્થિતિનો સુપેરે પરિચય આપ્યો હતો. વર્તમાન સમયમાં બદલાતાં જતાં પ્રવાહોમાં આદિવાસી સંસ્કૃતિએ પોતાને અક્ષુણ્ણ ટકાવી રાખવા જે પ્રયત્નો કરે છે તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ‘‘દક્ષિણ ગુજરાતનું આદિવાસી લોકસાહિત્ય’’ વિષય પર સંશોધક અને સર્જક શ્રી ડાહ્યાભાઈ વાઢુએ વિસ્તૃત માહિતીસભર જ્ઞાન પીરસ્યું હતું. તેમણે દક્ષિણ ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો વિસ્તારથી પરિચય આપ્યો હતો. બીજી બેઠક દરમિયાન ઉપસ્થિત રહેલા પ્રાધ્યાપકો તથા સંશોધનાર્થીઓએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. જેમાં ઓનલાઈન જોડાયેલા તથા વિવિધ કૉલેજમાંથી ઉપસ્થિત રહેલ અધ્યાપકો તથા સંશોધનાર્થીઓ દ્વારા શોધપત્રોનું વાંચન કર્યું હતું. અંતે સેમિનારના સંયોજક શ્રી અશોકભાઈ દ્વારા સમગ્ર સેમિનારના સંદર્ભે સહયોગી થયેલા અને ઉપસ્થિત મહાનુભાવોનો તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો તથા તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી સંચાલિત એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ-માંડવીના વિદ્યાર્થીઓ કરાટેની સ્પર્ધામાં ઝળક્યા




। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી દ્વારા રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ બાળકોને ઉચ્ચ શિક્ષણની સાથે કરાટે સ્વરક્ષણ તાલીમ અચઅપાઈ રહી છે, જેના પરિણામે બાળકો સ્વરક્ષણની સાથે રમત-ગમત ક્ષેત્રમાં પણ આગળ વધી મેડલો પ્રાપ્ત કરી રહ્યા છે, ત્યારે સુરતના લાડવી ખાતે તા. ૧ અને ૨ ફેબ્રુ. દરમિયાન આયોજિત જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ માંડવીના વિદ્યાર્થીઓ ઉજ્જવળ દેખાવ કરતા કુલ ૪૩ જેટલા મેડલો પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ પૈકી ૨૬ વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ આચાર્યશ્રી અને સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા, રાજ્ય કક્ષાએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કરે એ માટે પ્રોત્સાહિત કરાયા હતા. બાળકોની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવનાર કરાટે કોચ વૈભવભાઈ માહલાએ બાળકોને સતત તાલીમ અને પ્રોત્સાહન આપ્યું હતું.

# ડાંગ કલેક્ટર મહેશ પટેલ અને નિવાસી અધિક કલેક્ટર બી.બી.ચૌધરીને અપાયુ બદલી વિદાયમાન

। (માહિતી) ડાંગ, તા.૬ ।

રાજ્ય સરકારે તાજેતરમા જ કેટલાક સનદી અધિકારીઓની જાહેર હિતમા કરેલી બદલી અને બઢતીના કારણે ડાંગમાં થી, વિદાય લઈ રહેલા કલેક્ટર શ્રી મહેશ પટેલ, તેમજ નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીને જિલ્લાના વહીવટી તંત્ર સાથે મહેસુલી અધિકારી, કર્મચારીઓએ ભાવભીનુ વિદાયમાન આપ્યુ હતુ. કલેક્ટર શ્રી મહેશ પટેલે પોતાના કાર્યકાળ દરમિયાન, સૌ અધિકારી પદાધિકારીઓના સુમેળભર્યા સંકલન સાથે, જિલ્લાના




કાર્યોને ગતિ પ્રદાન કરી હતી. સાથે જ વિજળી, નાણાં અને પાણી બચાવવા સાથે, કચેરીના રિસોર્સનો બહેતર ઉપયોગ કરી પ્રજાહિત માટે કઈ રીતે વધુ સારુ કાર્ય કરી શકાય તે માટે વિષેશ ધ્યાન આપ્યુ હતુ. જિલ્લા કલેક્ટરશ્રીના કાર્યકાળ દરમિયાન ડાંગ જિલ્લાના મહેસૂલ વિભાગને ઉત્કૃષ્ટ મહેસૂલી સેવાઓ માટેનો રાષ્ટ્રીય સ્તરનો ‘ભૂમિ એવોર્ડ’ મળવા પામ્યો હતો. જ્યારે કૃષિ ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી માટે ખેતીવાડી વિભાગને ‘સિલ્વર સ્કોચ એવોર્ડ’ અને ડાંગ પોલીસ પ્રશાસનને તેમના સંવેદનાસભર ‘દેવી પ્રોજેકટ’ માટે ‘ગોલ્ડ સ્કોચ એવોર્ડ’ પ્રાપ્ત થયો હતો. આ સાથે જ ગત રવિવારે બનેલા બસ અકસ્માતની ઘટનામા પણ તેમણે ખડેપગે રહી રાહત બચાવ કામગીરી બાબતે તંત્રને માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. તો આ અગાઉ જિલ્લામા ડિઝાસ્ટરને લગતી બાબતો, ઘટનાઓમા પણ તેમણે સમય સૂચકતા સાથે પરિસ્થિતી સાથે તાલમેળ સાધ્યો હતો. કલેક્ટર શ્રી મહેશ પટેલે પોતાના અનુભવ અને સુમેળભર્યા સ્વભાવથી સૌ અધિકારી, કર્મચારી, પદાધિકારીઓ, અને પ્રજાજનોનો વિશ્વાસ સંપાદિત કરી, સૌને સુશાસનનો અહેસાસ કરાવ્યો હતો. તે જ રીતે અધિક નિવાસી કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીએ પણ પોતાના કાર્યકાળ દરમિયાન પોતાની ફરજ ઉપરાંત ડાંગના ઈન્ચાર્જ કલેક્ટર તરીકે પણ ફરજ બજાવી, પ્રજાહિતના નિર્ણયો લીધા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? મિત્રો અને અપરિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી સ્ત્રીઓએ ચાલતી વખતે ખાસ દરકાર રાખવાની જરૂર છે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. વ્યાપાર અને આનંદ-પ્રમોદને ભેગાં કરશો નહીં.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે.



### કર્ક (ડ,હ) :

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે બ્લ્ડ પ્રેશરના દર્દીઓ એ સમયસર દવા લેવાનું ધ્યાન રાખવું અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે તેવું ભોજન ખાવાની જરૂર છે. આનાથી તેમને વધુ રાહત થશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.



### તુલા (ર,ત) :

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.



### વૃશ્ચિક (ન,ય) :

આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે સારો લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. શેર-સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.



### મકર (ખ,જ) :

આજના દિવસે સવારે કરવામાં આવેલું ધ્યાન રાહત લાવશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પસાર કરવા નું શીખવું જોઈએ.



### કુંભ (ગ,શ,સ) :

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં-દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. તમારી આવડત દેખાડવાની તક આજે તમારી સાથે આવશે.

# I.N.D.I.A. ગઠબંધન હવે કોંગ્રેસ માટે જ માથાનો દુઃખાવો!

## રામ ગોપાલ યાદવે કહ્યું કે જો કોંગ્રેસને અહંકાર ન આવી ગયો હોત તો તે હરિયાણામાં અમને પણ એક-બે બેઠકો આપી શકી હોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

રાજધાની દિલ્હીમાં નવી સરકાર ચૂંટવા માટે ૭૦ વિધાનસભા બેઠકો સાથે જ ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાની મિલ્કીપુર વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણીનો શોર મતદાન સાથે જ થંભી ગયો છે. હવે ચૂંટણી પરિણામોનો વારો છે. દિલ્હી ચૂંટણી અને મિલ્કીપુર પેટાચૂંટણીના પરિણામો ૮ ફેબ્રુઆરીના રોજ જાહેર થશે પરંતુ તે પહેલાં વિપક્ષી I.N.D.I.A. ગઠબંધનની કાયદેસરતા અને ભવિષ્ય અંગે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પછી લોકસભામાં ત્રીજી સૌથી મોટી પાર્ટી સમાજવાદી પાર્ટીથી લઈને પશ્ચિમ બંગાળની સત્તારુઢ તૃણમૂલ કોંગ્રેસ સુધી કોંગ્રેસ પાર્ટી I.N.D.I.A. બ્લોકના ઘટક પક્ષોના નિશાના પર છે. TMC સાંસદ કીર્તિ આઝાદે કોંગ્રેસને વિચારવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે, હરિયાણા હોય



કે મહારાષ્ટ્ર કોંગ્રેસ દરેક જગ્યાએ હારી જાય છે. આપણે I.N.D.I.A. ગઠબંધન નેતૃત્વ વિશે વિચારવું પડશે. તેમણે કહ્યું કે, I.N.D.I.A. ગઠબંધનના મુખિયા કોંગ્રેસે બન્યા રહેવું કે નહીં તે અંગે વિચારવું પડશે. બીજી તરફ સપાના મહાસચિવ અને રાજ્યસભા સાંસદ રામ ગોપાલ યાદવે કહ્યું કે, દિલ્હીમાં કોંગ્રેસ પણ ભાજપની ભાષા બોલી રહી હતી. તેમણે કટાક્ષમાં કહ્યું કે, જેમને પણ અહંકાર આવી જાય છે તેઓ વિનાશ તરફ વધે છે. રામ ગોપાલ યાદવે કહ્યું કે જો કોંગ્રેસને અહંકાર ન આવી ગયો હોત તો તે હરિયાણામાં અમને પણ એક-બે બેઠકો આપી શકી હોત. I.N.D.I.A. ગઠબંધનનું નેતૃત્વ કોંગ્રેસ કરી રહી હતી. I.N.D.I.A. ગઠબંધનની બેઠકો યોજવાની અને ભવિષ્યની રણનીતિ ઘડવાની જવાબદારી તેમની હતી. તેમણે એમ પણ કહ્યું કે, I.N.D.I.A. ગઠબંધનના નેતૃત્વમાં ફેરફાર કરવા માટે ચર્ચા ચાલી રહી છે. હું વ્યક્તિગત રીતે માનું છું કે નેતૃત્વ એકવાર બદલવું જોઈએ અને પછી તે જોવું જોઈએ. યુપીમાં કોંગ્રેસ પાસે કંઈ નથી. તેમણે એવો પણ દાવો કર્યો કે, લોકસભા ચૂંટણીમાં કેટલાક ઉમેદવારો અમારા છે જેમને અમે કોંગ્રેસને આપ્યા હતા અને તેના કારણે જ જીત મળી. સપા મહાસચિવ પ્રોફેસર રામ ગોપાલ યાદવના નિવેદન પર સપા સાંસદ વીરેન્દ્ર સિંહે કહ્યું છે કે તેઓ એક મોટા નેતા છે. તેમની પાસે ઘણો અનુભવ છે. વીરેન્દ્ર સિંહે સ્પષ્ટતા કરી કે સમાજવાદી પાર્ટી માને છે કે રામ ગોપાલ યાદવે જે કહ્યું છે તે સંપૂર્ણપણે સાચું છે. TMC બાદ હવે સપાએ પણ ખુલ્લેઆમ મોરચો ખોલતા ઈન્ડિયા બ્લોકમાં નેતૃત્વ પર નવી ચર્ચા શરૂ થઈ છે.

હવે કોંગ્રેસે પણ સપા અને TMC સાંસદોના નિવેદનો પર પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને ઉપલા ગૃહમાં પાર્ટીના ઉપનેતા પ્રમોદ તિવારીએ રામ ગોપાલ યાદવના આરોપને નકારી કાઢ્યો અને કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ક્યારેય ભાજપની ભાષા નથી બોલતી. અમે ઉત્તર પ્રદેશમાં અમારા ગઠબંધનનું પ્રામાણિકપણે પાલન કર્યું છે. અમે ઉત્તર પ્રદેશમાં ભાજપને હરાવી દીધું અને સપાને ફાયદો થયો છે.

### ન્યુઝ બોક્ષ

## ‘મેક ઈન ઈન્ડિયા’ પહેલ નિષ્ફળ ગઈ હોવાનું પીએમ સ્વીકારે : રાહુલ ગાંધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

‘મેક ઈન ઈન્ડિયા’ પહેલ નિષ્ફળ ગઈ હોવાનું જણાવતાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેની નિષ્ફળતાનો સ્વીકાર કરવા જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાને ગૃહમાં તેમના સંબોધનમાં પણ મેક ઈન ઈન્ડિયાનો ઉલ્લેખ નહોતો કર્યો. આ એક સારી પહેલ હોવા છતાં તે નિષ્ફળ રહી છે અને વડાપ્રધાને તેનો સ્વીકાર કરવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુપીએ હોય કે એનડીએની સરકાર, તાજેતરના વર્ષોમાં એક પણ સરકાર રોજગારીની સમસ્યાનો ઉકેલ લાવી શકી નથી. દેશનું ઉત્પાદન ૨૦૧૪માં જીડીપીના ૧૫.૩ ટકા હતું, જે ઘટીને હાલ ૧૨.૬ ટકાના ૬૦ વર્ષના તળિયે સ્પર્શ્યું છે. ભારતના યુવાનોને રોજગારીની તાતી જરૂર છે. યુપીએની કે એનડીએની સરકારો આટલાં મોટા પાયે રોજગારી પૂરી પાડવાના આ પડકારનો ઉકેલ લાવી શકી નથી. ઉત્પાદન ક્ષેત્રની પીછેહટનો ઉકેલ શોધવા માટે આપણે એક વિઝનની જરૂર છે.

## સંસ્કૃતિ ખતમ કરી હુકમ ચલાવવા માંગે છે સંઘ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ યુજીસીના ડ્રાફ્ટ નિયમો વિરુદ્ધ જંતર-મંતર ખાતે ડીએમકેની વિદ્યાર્થી દ્વારા આયોજિત પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન રાહુલ ગાંધીએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના ડ્રાફ્ટ નિયમોને ટાંકીને આક્ષેપ કર્યો હતો કે,રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દેશ પર એક વિચાર, એક ઈતિહાસ અને એક ભાષા થોપવા માગે છે, પરંતુ તેને સ્વીકારવામાં આવશે નહીં. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, RSSનો ઉદ્દેશ્ય અન્ય તમામ ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરાઓને ભૂંસી નાખવાનો છે. તેમનો ઈરાદો એક જ વિચાર, ઈતિહાસ અને ભાષાને દેશ પર થોપવાનો છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, RSS વિવિધ રાજ્યોની શિક્ષણ પ્રણાલીઓ સાથે આવું વર્તન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને આ તેમના એજન્ડાને આગળ વધારવા માટેનું એક બીજું પગલું છે. દરેક રાજ્યની પોતાની આગવી પરંપરા, ઈતિહાસ અને ભાષા હોય છે, તેથી જ ભારતને બંધારણમાં રાજ્યોનું સંઘ કહેવામાં આવે છે. આપણે આ તફાવતોને માન આપવું જોઈએ અને સમજવું જોઈએ. રાહુલ ગાંધીએ કહ્યું, આ તમિલ લોકો અને અન્ય રાજ્યોનું અપમાન છે.

## ઉત્તરાખંડમાં UCCના ૧૦ દિવસમાં માત્ર એક લિવ-ઇનની નોંધણી

। (એજન્સી) દહેરાદૂન, તા.૬ ।

ઉત્તરાખંડના યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થયાના ૧૦ દિવસમાં ફક્ત એક જ નોંધણી થઈ છે. અધિકારીઓએ દાવો કર્યો હતો કે, ફરજિયાત નોંધણી માટે લિવ-ઈન કપલ્સ તરફથી પાંચ અરજીઓ મળી છે. જેમાંથી એક નોંધણી મંજૂર કરવામાં આવી છે જ્યારે ચાર અન્યની ચકાસણી ચાલી રહી છે. મહત્વનું છે કે, ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થયા બાદ ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.૨૭ જાન્યુઆરીના રોજ ભાજપ શાસિત ઉત્તરાખંડ સ્વતંત્ર ભારતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું હતું, જે તમામ ધર્મોના દરેક નાગરિક માટે સમાન કાયદાઓને પ્રોત્સાહન આપે છે અને લગ્ન, છૂટાછેડા અને મિલકત પરના વ્યક્તિગત કાયદાઓને પ્રમાણિત કરે છે. આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન સંબંધોની ફરજિયાત ઓનલાઈન નોંધણી માટે રચાયેલ પોર્ટલ લોન્ચ કર્યું હતું. તેઓ યુસીસી પોર્ટલ પર પોતાના લગ્નની નોંધણી કરાવનારા પ્રથમ વ્યક્તિ હતા. યુસીસીની જોગવાઈની લોકોના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરવાની સંભાવનાને કારણે ઘણી ટીકા થઈ છે. જો કે, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ તેને યોગ્ય ઠેરવીને કહ્યું હતું કે લિવ-ઈન યુગલોની ફરજિયાત નોંધણી શ્રદ્ધા વાલકરની તેના લિવ-ઈન પાર્ટનર આફતાબ દ્વારા હત્યા જેવી ક્રૂર ઘટનાઓને રોકવામાં મદદ કરશે.

### કર્મચારીનો ગુનો કે ગેરવર્તણૂક બેમાંથી શું વધુ જોખમી તે પુરવાર કરવું પડે

# ફોજદારી કેસમાં મુક્ત કર્મચારીને શિસ્તભંગ બદલ હાંકી શકાય : સુપ્રીમ

## પ્રદીપકુમાર બેનરજીને ફોજદારી કેસમાંથી મુક્ત કરાયો હોવા છતાં સુપ્રીમ કોર્ટે તેની બરતરફીને યોગ્ય ગણાવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ગેરવર્તણૂંક ધરાવતા કર્મચારીની સામે શિસ્તભંગ બદલ કાયદેસરની કાર્યવાહી ચાલતી હોય અને તે સાથે તેની સામે ફોજદારી કેસની કાર્યવાહી પણ ચાલતી હોય એવા સંજોગોમાં તે કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવા તેના નોકરીદાતાએ ફક્ત એટલું જ પુરવાર કરવાનું રહે છે કે તેનો કયો ગુનો કે ગેરવર્તણૂંક વધુ પ્રભાવશાળી અને જોખમકારક છે. ન્યાયમૂર્તિ સર્વશ્રી જે.કે મહેશ્વરી અને સંદીપ મહેતાની બેન્ચે ૪ ફેબ્રુઆરી-૨૦૧૨ના રોજ કોલકાતા હાઈકોર્ટે આપેલાં એ આદેશને રદ કરતો ચુકાદો આપ્યો હતો જેમાં હાઈકોર્ટે એરપોર્ટ ઓથોરિટિ ઓફ ઈન્ડિયા (એએઆઇ)ના ભૂતપૂર્વ મદદનીશ એન્જિનિયર પ્રદીપ



કુમાર બેનરજીને નોકરીમાંથી બરતરફ કરવાના ઓથોરિટિના નિર્ણયને ગેરકાયદે ઠરાવ્યો હતો. પ્રદીપકુમાર બેનરજીને ફોજદારી કેસમાંથી મુક્ત કરાયો હોવા છતાં સુપ્રીમ કોર્ટે એમ કહેતાં તેની બરતરફીને યોગ્ય ગણાવી હતી કે ફોજદારી કાર્યવાહીમાં કેસને વાજબી શંકાથી પર હોવાનું પૂરવાર કરવું પડે છે. આ ચુકાદા બાદ નોકરીદાતાઓ માટે ગુનાઈત કેસમાં મુક્ત થઈ ગયેલાં કોઈપણ કર્મચારીને શિસ્તભગની કાર્યવાહી કરીને નોકરીમાંથી બરતરફ કરવો ખુબ સુગમ થઈ પડશે.બેન્ચે એમ ઠરાવતા એરપોર્ટ ઓથોરિટિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો કે બેનરજી વિરુદ્ધ લેવાયેલા શિસ્તભંગના પગલાં તદ્દન ઉચિત હતા. કાયદાનો “આ એક સ્થાપિત સિદ્ધાંત છે કે ફોજદારી કાયર્વાહીમાં કેસને વાજબી કારોણોથી પર હોવાનું પુરવાર કરવાની જવાબદારી સરકારના પક્ષે હોય છે, પરંતુ શિસ્તભંગની કાર્યવાહી ચાલતી હોય એવા કેસમાં વિભાગની ઉપર જવાબદારી મર્યાદિત હોય છે, તેથી એવા કેસમાં નોકરીદાતાએ ફક્ત એટલું જ પૂરવાર કરવાનું રહે છે કે કર્મચારીનો કયો ગુનો કે ગેરવર્તણૂંક વધુ જોખમકારક કે પ્રભાવશાળી હતા.”

### જીવનસાથીએ જીવનદાતા બની ૪૦ ફૂટ ઊંડા કૂવામાં ઝંપલાવ્યું

# કેરળમાં ૫૬ વર્ષની મહિલાએ કૂવામાં પડેલા પતિને બચાવ્યો

## કૂવાની ઊંડાઈ ઘણી વધારે હોવાથી ફાયરની ટીમને પહેલી નજરે પતિ-પત્ની નજરે પડ્યા નહીં

। (એજન્સી) કોચી, તા.૬ ।

કેરળમાં બનેલી એક ઘટનામાં જીવન સાથીએ નવજીવન આપવાનું કામ કર્યુ છે. કેરળના પીરાવોમ ખાતે પત્નીની બહાદુરી અને સમયસૂચકતાના કારણે કૂવામાં પડી ગયેલા પતિનો જીવ બચી ગયો હતો. મરી ચૂંટવા માટે પતિ ઝાડ પર ચડ્યો હતો, પરંતુ એક ડાળી તૂટી જવાથી તે અકસ્માતે ૪૦ ફૂટ ઊંડા કૂવામાં પડ્યો હતો. પતિ કૂવામાં ડૂબી રહ્યો હોવાનું જણાતા તેની પાછળ પત્નીએ પોતાના જીવનની પરવા કર્યા વગર કૂવામાં ઝંપલાવ્યુ હતું. કેરળના પિરાવોમના સ્થાનકિકોના જણાવ્યા મુજબ, બુધવારે વહેલી સવારે સમગ્ર દેશનું ધ્યાન ખેંચનારી અને નારીશક્તિનું ઉદાહરણ આપતી ઘટના બની હતી. ૬૪ વર્ષના રમેશનના ઘરની પાછળ વરંડામાં મરીનું ઝાડ આવેલું છે. નિત્ય ક્રમ મુજબ તેઓ મરી ચૂંટવા માટે ઝાડ પર ચડ્યા હતા. વરંડામાં ઝાડની બાજુમાં કૂવો પણ છે. રમેશન મરી ચૂંટી રહ્યા હતા ત્યારે અચાનક ઝાડની એક ડાળી તૂટી હતી, જેના કારણે રમેશન



સીધા કૂવામાં પડ્યા હતા. રમેશનને વધતી ઉંમરની સાથે આરોગ્યની પણ કેટલીક તકલીફ છે, જેના કારણે કૂવામાં પડતાની સાથે જ તેઓ અર્ધબેભાન થઈ ગયા હતા. રમેશનનાં પત્ની પદ્મમ (ઉ.વ.૫૬)ની નજર સામે જ આ ઘટના બની હતી. કૂવામાં પડ્યા પછી પતિની હાલત સતત કથળી રહી હતી. કટોકટીનો આ સમય આંસુ સારવામાં કે અન્ય લોકોની મદદ શોધવામાં વ્યય કરવાના બદલે જીવન સાથીએ જ જીવન દાતા બનવાનો સંકલ્પ કર્યો. આંખમાં ડોકાઈ રહેલા આંસુઓને લૂછીને પદ્મમે પોતાની જાતને હિંમત આપી.




નવી દિલ્હીમાં ભારતીય યુવા કોંગ્રેસના સભ્યોએ અમેરિકાથી ભારતીય ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા સામે વિરોધ પ્રદર્શન કર્યું.

## હિન્દુ પરંપરાઓનું પાલન નહીં કરનાર ૧૮ કર્મીઓની હકાલપટ્ટી

। (એજન્સી) તિરુપતિ, તા.૬ ।

આંધ્રપ્રદેશના પ્રસિદ્ધ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ(ટીટીડી) એ ધાર્મિક નિયમોનો ભંગ કરવા પર ૧૮ કર્મચારીઓની વિરુદ્ધ કાર્યવાહી કરી છે. આ કર્મચારીઓ પર હિન્દુ પરંપરાઓનું પાલન નહીં કરવાનો અને બિન-હિન્દુ ધાર્મિક ગતિવિધિઓમાં સામેલ હોવાનો આક્ષેપ છે. આ નિર્ણય તિરુપતિ મંદિરના ધાર્મિક મહત્વ અને મંદિરોની આધ્યાત્મિક પવિત્રતાને જાળવી રાખવા માટે લેવામાં આવ્યો છે. તિરુપતિ મંદિર બોર્ડના ચેરમેન બીઆર નાયડુના નેતૃત્વમાં પહેલાથી જ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે ફક્ત હિન્દુ કર્મચારી જ દેવસ્થાનમમાં કામ કરી શકે છે. પરંતુ તપાસ દરમિયાન આ ૧૮ કર્મચારીઓ બિન-હિન્દુ પરંપરાઓનું પાલન કરતો જોવા મળ્યા, જેના કારણે તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી છે. ટીટીડી બોર્ડના પ્રસ્તાવ મુજબ, આ કર્મચારીઓ તિરુમાલાના મંદિરો અને તેનાથી સંબંધિત વિભાગોમાંથી હટાવવામાં આવશે. સાથે જ, તેમને કોઈ પણ હિન્દુ ધાર્મિક સમારોહના આયોજન કે અનુષ્ઠાનમાં ભાગ લેવાની મંજૂરી અપાશે નહીં. બોર્ડે આ ૧૮ કર્મચારીઓને બે વિકલ્પ આપ્યા છે - કોઈ સરકારી વિભાગમાં બદલી માટે અરજી કરે કે પછી સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ યોજના(વીઆરએસ) અંતર્ગત બોર્ડમાંથી નિવૃત્ત થઈ જાય.

### પિતા-દીકરીનું મોત, ૧૦ ઘાયલ

# મહાકુંભમાં સ્નાન કરી પાછા ફરતા શ્રદ્ધાળુઓના વાહનની બસ સાથે ટક્કર

## વહેલી સવારે પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી એક માર્શલ જીપ રોડવેઝ બસ સાથે અથડાઈ ગઈ હતી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૬ ।

કાનપુર-લખનઉ હાઈવે પર અજગૈન ક્ષેત્રમાં આજે પરોઢિયે ભયાનક અકસ્માત સર્જાતાં પિતા અને પુત્રીનું મોત નીપજ્યું છે. આજે ગુરૂવારે વહેલી સવારે ૬.૩૦ વાગ્યે મહાકુંભમાં સ્નાન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી એક માર્શલ જીપ રોડવેઝ બસ સાથે અથડાતાં બે લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૧૦ ગંભીર રૂપે ઘાયલ છે. અકસ્માતના ૨૦ મિનિટ બાદ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને જીપમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતાં. આ દુર્ઘટનાના કારણે આશરે એક કલાક સુધી હાઈવે જામ રહ્યો હતો. જીપ ડ્રાઈવરને ઉંઘનું ઝોકું આવી જતાં આ અકસ્માત સર્જાયો હોવાની જાણ થઈ છે.

મધ્યપ્રદેશના ઈશાગઢ તથા શિવપુરીના ૧૨ શ્રદ્ધાળુઓ માર્શલ જીપ મારફત મહાકુંભમાં સ્નાન કરવા ગયા હતાં. જ્યાં સ્નાન બાદ તેઓ વારાણસી કાશી વિશ્વનાથ મંદિર અને અયોધ્યામાં રામલલાના દર્શન કરવાં ચિત્રકૂટ જઈ રહ્યા હતાં. તે સમયે અજગૈન ક્ષેત્રમાં ચમરોલી ગામ નજીક જીપ આગળ જઈ રહેલી મહોબા ડેપોની રોડવેઝ બસ સાથે અથડાઈ હતી. જેમાં ઈશાગઢના રહેવાસી પિતા સુરેશ તિવારી (ઉ.વ.૫૫) અને તેમની ૩૦ વર્ષીય પુત્રી રાધા વ્યાસનું ઘટનાસ્થળે જ મોત થયુ હતું. મૃતક સુરેશ તિવારીના પત્ની ઓમવતી સહિત ૧૦ લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં



આવ્યા હતાં. જેમાં બે જણની હાલત ગંભીર થતાં તેમને જિલ્લા હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. સીઓ હસનગંજ સંતોષ સિંહે ઘટનાની ખાતરી કરી ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી.

ઈટાવામાં દિલ્હીથી પ્રયાગરાજ જઈ રહેલી ખાનગી બસ આગ્રા-કાનપુર નેશનલ હાઈવે પર રોડ પર પાર્ક કરેલા ડમ્પરમાં ઘૂસી જતાં એક ડઝન જેટલા શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા. જો કે, તેમને સામાન્ય ઈજા થઈ હોવાનું બકેવર પ્રભારી નિરિક્ષક ભૂપેન્દ્ર સિંહ રાઠીએ જણાવ્યું હતું. ખાનગી બસના ડ્રાઈવરને પણ ઊંઘનું ઝોકું આવી જતાં ડમ્પરની પાછળ ઘૂસી ગઈ હતી.

## ચારધામ યાત્રા : આ વર્ષે ૪૦% ઓફલાઈન ક્વોટા નક્કી થશે

। (એજન્સી) ઋષિકેશ, તા.૬ ।

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે વહીવટીતંત્રે તૈયારીઓ શરૂ કરી દીધી છે. વહીવટીતંત્રનું કહેવું છે કે, ૧૫ એપ્રિલ સુધીમાં બધી વ્યવસ્થા થઈ જશે. આ વર્ષે ૬૦ ટકા નોંધણીઓ ઓનલાઈન અને ૪૦ ટકા ઓફલાઈન થશે. બુધવારે ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેની અધ્યક્ષતામાં યાત્રા વ્યવસ્થાપન સમિતિની બેઠકમાં યોજવામાં આવી હતી. જેમાં ચારધામ યાત્રાને સફળ બનાવવા માટે સૂચનો પણ લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો કે, યાત્રા શરૂ થયાના પહેલા મહિનામાં VIP દર્શન પર પ્રતિબંધ રહેશે.પાંડેએ જણાવ્યું હતુ કે, આ વર્ષે ૪૦ ટકા નોંધણીઓ ઑફલાઈન કરવામાં આવશે જેથી ગ્રામીણ વિસ્તારોના યાત્રાળુઓને ઑનલાઈન નોંધણીની મુશ્કેલીનો સામનો ન કરવો પડે. તેમણે ઉમેર્યુ કે, ગઈ વખતે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના યાત્રાળુઓને ઓફલાઇન નોંધણી વિકલ્પ ઉપલબ્ધ ન હોવાને કારણે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## અમેરિકાને કહો, ભારતીયોને આવી રીતે હાથકડી પહેરાવીને ન મોકલે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

બુધવાર બપોરે એક અમેરિકી સૈન્ય વિમાન અમૃતસર એરપોર્ટ પર ૧૦૪ ભારતીયોને મુકીને પાછું જતું રહ્યું. વિમાનમાંથી જે લોકો નીકળ્યા તે અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્ર પ્રમુખ બન્યા બાદ ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસવાટ લોકોને તેમના દેશ પરત મોકલી દેવાના આદેશ આપ્યા છે. ત્યારે હવે આ કાર્યવાહી અંતર્ગત ભારતના લોકોને પણ પાછા મોકલવામાં આવી રહ્યા છે. વિપક્ષી પાર્ટીઓનું કહેવું છે કે, અમેરિકામાંથી નિર્વાસિત કરવામાં આવી રહેલા ભારતીયોને હાથકડી અને ઝંઝીરોમાં બાંધીને લાવવામાં આવી રહ્યા છે. આ મામલા પર વિપક્ષી પાર્ટીઓ કેન્દ્ર સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. આ દરમ્યાન કોંગ્રેસ સાંસદ અને વિદેશી મામલા પર બનેલી સંસદીય સમિતિના ચેરમેન શશિ થરુરનું પણ નિવેદન સામે આવ્યું છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ
વિદ્યુતીકરણ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. ઈએલ/સી/એડીઆઈ/જીએસ/287/2024-25 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ ભુજ-નલિયા ગેજ રૂપાંતરણ કામના સંબંધમાં ભુજ સ્ટેશન ખાતે વોશીંગ કમ ઈન્સ્પેક્શન પીટ લાઈનનું વિદ્યુતીકરણ કરવાનું અને પાવર સપ્લાય વ્યવસ્થા માટે 11/0.433 KV સબસ્ટેશનની જોગવાઈ કરવાનું કામ. (2) કામની અંદાજિત પડતરઃ ₹ 2,36,82,103/- (3) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (4) બિડ જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (5) ટેન્ડર ફીઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (6) પૂર્ણ કરવાનો સમયગાળોઃ 12 મહિના, (7) વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ www.ireps.gov.in ડેપ્યુ. ચીફ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર (બાંધકામ)ની ઓફિસ અને નોટીસ બોર્ડ, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન, અસારવા, અમદાવાદ (ગુજરાત-382345).
CPM-121
અમને લાઈક કરો: facebook.com/WesternRly

## અમદાવાદ મનપાનું ૧૪,૦૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ નું ડ્રાફટ બજેટ રજૂ કર્યું છે. મ્યુનિસિપલ કમિશનરે ૧૪,૦૦૧ કરોડનું ડ્રાફટ બજેટ જાહેર કર્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટ કરતા ૩,૨૦૦ કરોડનો વધારો દર્શાવે છે.

બજેટની મુખ્ય જોગવાઈઓ:

શહેરના રોડ: ૫૧ રોડ ૨૨૭ કરોડના ખર્ચે વ્હાઈટ ટોપિંગ બનશે, જ્યારે ૧૦૮ રોડ ડસ્ટ ફ્રી રોડ બનાવવામાં આવશે.

ટ્રાફિક: શહેરમાં ૧૦૦ નવા ટ્રાફિક જંક્શન બનશે.

માર્કેટ: CG રોડ મ્યુનિસિપલ માર્કેટનું રિડેવલપમેન્ટ થશે.

વિકાસ: વિકસિત ભારત અને વિકસિત ગુજરાત અંતર્ગત વિકસિત અમદાવાદ ૨૦૪૭ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ગાર્ડન: શહેરમાં નવા ૨૨ ગાર્ડન બનાવવામાં આવશે.

સેલની સ્થાપના: AI સેલ અને GIS અને MIS સેલની સ્થાપના થશે.

ભદ્ર પ્લાઝા: ભદ્ર પ્લાઝાને ફરીથી રિડેવલપમેન્ટ કરવા ?૧૦ કરોડનો ખર્ચ કરાશે.

હેલ્થ: હેલ્થ રેકોર્ડનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે.

ફાયર સ્ટેશન: શહેરમાં ૩ નવા ફાયર સ્ટેશન બનશે (લાંભા, રામોલ-હાથીજણ, શાહીબાગ).

અર્બન હેલ્થ સેન્ટર: નવા ૫ અર્બન હેલ્થ સેન્ટર બનશે.

SVP હોસ્પિટલ: SVP હોસ્પિટલ ખાતે સ્પોર્ટ્સ સાયન્સ સેન્ટર શરૂ કરાશે.

માળખાગત સુવિધા: માળખાગત સુવિધા માટે ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે ૫૩% નો વધારો દર્શાવે છે.

રિવરફ્રન્ટ: રિવરફ્રન્ટ ફેઝ ૩ અંતર્ગત ઈન્દિરા બ્રિજથી નર્મદા મેઈન કેનાલ સુધીના વિસ્તારને વિકસાવવા ૧૦૦૦ કરોડની ફાળવણી.

કાંકરિયા: કાંકરિયા પરિસરમાં નવી બે ટોય ટ્રેન ખરીદવામાં આવશે, મ્યુઝિકલ ફાઉન્ટેન અને લાઈટ એન્ડ શોનું આધુનિકરણ થશે, અને કિડ સિટીનું આધુનિકરણ થશે.

બ્રિજ: ચાર નવા રેલવે બ્રિજ બનાવવાનું આયોજન છે.

SHE લોન્જ: મહિલાઓ માટે દરેક વોર્ડમાં SHE લોન્જ બનશે.

BRTS: BRTS ફીડર રૂટમાં પિંક રિક્ષા મૂકવાનું આયોજન છે.

બ્યુટીફિકેશન: પરિમલ, ઉસ્માનપૂરા અને ઈનકમ ટેક્સ અંડરપાસમાં બ્યુટીફિકેશન કરાશે.

ટિકિટ પાસ: ડેઈલી ટિકિટ પાસ મોબાઈલ એપથી મળશે.

કડિયા નાકું: આગામી વર્ષમાં અખબારનગર સર્કલ પાસે, વાસણા, ચાંદખેડા સહિતના વિસ્તારમાં કડિયા નાકું બનશે.

આવાસ: ૧૫૦૦૦ નવા સરકારી આવાસ બનાવવામાં આવશે.
નવરંગપુરા માર્કેટ: નવરંગપુરા મ્યુનિસિપલ માર્કેટને ૪ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે.

વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ: જાસપુર ખાતે ૪૦૦ MLD નો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરાશે.

ટ્રાફિક જંકશન: શહેરમાં નવા ૧૦૦ ટ્રાફિક જંકશન બનશે.

AMTS: AMTS ની ૧૨૦ નવી બસો ઉમેરવામાં આવશે.

મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ: RTO ખાતે મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનાવવામાં આવશે.

UHC: હયાત ૯૫ અર્બન હેલ્થ સેન્ટર સાથે નવા ૫ UHC બનાવવામાં આવશે.




માહિતી નિયામકની કચેરી દ્વારા MICA અમદાવાદ ખાતે અધિકારીઓ માટે 'સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન' અંગેની તાલીમ યોજાઈ.

### ચુસ્ત બંદોબસ્ત સાથે વતન પરત લઈ જવાયા

## અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ગુજરાતીઓ અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા

### ગુજરાતના તમામ લોકોને લઈને અમૃતસરથી વિમાન દિલ્હી થઈને અમદાવાદ પહોંચ્યું હતું

। (એજન્સી) રાજકોટ, તા.૨૨ ।

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ગુજરાતીઓ આજે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. પોલીસ તેમના નામ સરનામા સહિતની નોંધ કરી. અને આવનારા દિવસોમાં તેમની પૂછપરછ કરવામાં આવશે. પૂછપરછમાં ગુનાહિત પ્રવૃત્તિ જણાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.વહેલી સવાર ૬:૧૫ કલાકે અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાન લેન્ડ થયું હતું.પૂછપરછ બાદ મોટા એજન્ટોના નામ સામે આવી શકે છે. અમદાવાદ એરપોર્ટ પર તેમના આગમન દરમ્યાન એરપોર્ટ પર અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમાં IB, CID અને સ્થાનિક પોલીસનો કાફલો હાજર હતો.ગુજરાતના તમામ લોકોને લઈને અમૃતસરથી વિમાન દિલ્હી થઈને અમદાવાદ પહોંચ્યું હતું. આ તમામ લોકોની ઓળખની કાર્યવાહી પૂર્ણ કરી લેવામાં આવી છે અને હવે તેમને ઘરે વતન પહોંચાડવામાં આવી રહ્યા છે. એક અંદાજ મુજબ અમેરિકામાંથી હાલમાં ૧૮ હજાર ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવશે. એક અંદાજ મુજબ અમેરિકામાં



૭.૨૫ લાખ ભારતીયો ગેરકાયદે રહે છે. આમ અમેરિકામાં ગેરકાયદે રહેનારાઓમાં મેક્સિકન અને અલ સાલ્વાડોરના નાગરિકો પછી ભારતીયો ત્રીજા સ્થાને આવે છે. ગયા મહિને ભારત સરકારે જણાવ્યું હતું કે તે અમેરિકામાં ગેરકાયદેસર રહેતા ભારતીય નાગરિકોને પરત લેવા માટે હંમેશા તૈયાર રહે છે. વિદેશ પ્રધાન જયશંકરે જણાવ્યું હતું કે ભારત તપાસ કરી રહ્યું છે કે અમેરિકામાં કેટલા ભારતીય ગેરકાયદેસર રીતે રહે છે. તેને પરત મોકલી શકાય છે કે નહીં. રાજ્યના પોલીસ વિભાગ દ્વારા વ્યવસ્થા કરી દેવામાં આવી છે. માહિતી અનુસાર જિલ્લા પોલીસના વાહનોમાં આ તમામ લોકો અમદાવાદ એરપોર્ટથી તેમના વતન રવાના થશે. એરપોર્ટ પર આઈબી, સીઆઈડી અને સ્થાનિક પોલીસનો કાફલો પણ ખડકી દેવાયો હતો. ઉલ્લેખનીય છે કે અમેરિકાથી પરત આવનારા ગુજરાતીઓમાં સૌથી વધુ મહેસાણા અને ગાંધીનગરના ૧૨-૧૨ લોકો અને સુરતના ૪ તથા અમદાવાદના ૨ અને ખેડા-વડોદરા તથા પાટણના ૧-૧ લોકો સામેલ છે. ટ્રમ્પે પરત મોકલેલા ૧૦૪ ભારતીયોમાં ૬૯ પુરુષ, ૨૫ મહિલા અને ૧૩ બાળકો સામેલ છે. આ બધા ભારતમાંથી તો કાયદેસર રવાના થયા હતા, પરંતુ અમેરિકામાં ડંકી રુટે ઘૂસ્યા હતા. અમેરિકામાંથી ડિપોર્ટ કરીને લાવવામાં આવેલા ભારતીયોને મેક્સિકો-અમેરિકા સરહદ પર પકડવામાં આવ્યા હતા. ભારત પહોંચેલા આ લોકોની હાલમાં ધરપકડની કોઈ શક્યતા નથી, કારણ કે તેમણે કોઈ કાયદાનો ભંગ કર્યો નથી. હાલમાં ૧૦૪ ભારતીયોને વિવિધ એજન્સીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. તેઓએ કોઈ ગંભીર ગુના આચર્યા છે કે નહીં તેની તપાસ થશે.

### કુંભમેળામાં લગાવશે આસ્થાની ડૂબકી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ યુપીના પ્રયાગરાજ જશે

। ગાંધીનગર, તા.૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા કુંભમેળામાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન માટે શુક્રવાર, તારીખ ૭મી ફેબ્રુઆરીએ જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, તેઓ આવતીકાલે શુક્રવારે બપોરે ૧૨:૩૦ કલાકે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સવારે ૯:૩૦ કલાકે પ્રયાગરાજ પહોંચીને બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન પણ કરવાના છે. મુખ્યમંત્રી પ્રયાગરાજના પ્રવાસ દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઊભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત કરશે અને સાંજે ગાંધીનગર પરત આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં મહાકુંભ મેળાની મુલાકાત લીધી હતી અને સંગમમાં ડૂબકી લગાવી હતી. ત્યારબાદ પ્રધાનમંત્રી મોદીએ માતા ગંગાની પૂજા કરી હતી. આ વિસ્તારમાં તેમની સુરક્ષા માટે ખાસ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. પીએમના આગમન માટે પાંચ સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવામાં આવ્યા હતા. પીએમ મોદી ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પ્રયાગરાજ આવ્યા હતા અને ૫૫૦૦ કરોડ રૂપિયાના ૧૬૭ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીનો કાર્યક્રમ જ્યાં થયો હતો તે વિસ્તારો NSG દ્વારા પોતાના કબજામાં લેવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટ અને મોટી સંખ્યામાં પોલીસ, પીએસી અને આરએએફના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. ગંગા ઘાટની સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

### શ્રદ્ધાળુઓ માટે નિઃશુલ્ક ભોજન સહિત અનેક સુવિધાઓ

## અંબાજી ખાતે યોજાશે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ

। (એજન્સી) અંબાજી, તા.૬ ।

ભારતભરમાં યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ ગુજરાતના શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે ત્રણ દિવસીય ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ૯ ફેબ્રુઆરીથી શુભારંભ થશે. ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ત્રણ દિવસીય મહોત્સવમાં લાખો માઈભક્તો ઉમટશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલા આ પરિક્રમા ઉત્સવની પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપેરે આગળ વધારી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

માતા પાર્વતીની ૫૧ શક્તિપીઠોમાંની એક અંબાજી શક્તિપીઠ ખાતે આવતા શ્રદ્ધાળુઓ અંબાજી સહિત તમામ શક્તિપીઠોના દર્શન કરી શકે; તે માટે વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અંબાજી ખાતે મા પાર્વતીની તમામ શક્તિપીઠોની પ્રતિકૃતિની સ્થાપના કરવાની પરિકલ્પના કરી હતી. તેમણે જ આ ૫૧ શક્તિપીઠોનું ભૂમિપૂજન કર્યું હતું, જેનું કાર્ય વર્ષ ૨૦૧૪માં પૂર્ણ થયું હતું. વર્ષ ૨૦૨૨થી રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રએ સાથે મળીને રાજ્યકક્ષાના પરિક્રમા મહોત્સવની ઉજવણીની શરૂઆત કરી હતી. આ વર્ષે ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટવાની શક્યતા:૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં દર વર્ષે માઈભક્તોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. ગત વર્ષે આ મહોત્સવમાં આશરે ૧૩ લાખ ૧૫ હજાર શ્રદ્ધાળુઓએ ૫૧ શક્તિપીઠોની પરિક્રમા કરી હતી, ત્યારે આ વર્ષે આ સંખ્યા ૧૫ લાખને વટાવવાની શક્યતા છે.

એક જ જન્મમાં, એક જ સ્થળે તમામ શક્તિપીઠોના દર્શન

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજાએ જણાવ્યું હતું કે, અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ મહોત્સવ દર વર્ષે મહા સુદ ૧૨થી મહા સુદ ૧૪ દરમિયાન યોજવામાં આવે છે અને તિથિ પ્રમાણે આ વર્ષે આ મહોત્સવ ૯થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. ૈંરૂફ્‌ તથા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં આવનાર શ્રદ્ધાળુઓ માટે નિઃશુલ્ક ભોજન સહિત તમામ પ્રકારની સગવડો કરવામાં આવી છે. આ મહોત્સવનો મૂળમંત્ર છે 'એક જ જન્મમાં, એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શન કરવાનો સુલભ્ય અવસર.'

આ વર્ષે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે ૯ ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, ઘંટી યાત્રા તથા ધજા યાત્રા નીકળશે.

## ગટરમાં પડેલો કેદાર ૨૪ કલાક બાદ પમ્પિંગ સ્ટેશનમાંથી મૃત હાલતમાં મળ્યો



। (એજન્સી) સુરત,તા.૬ ।

સુરતના વરિયાવ વિસ્તારમાંથી રૂંવાડા ઊભા કરી દેતી ઘટના સામે આવી છે. ગઈકાલે (૫ ફેબ્રુઆરી) સાંજે અમરોલી-વરિયાવ રોડ પર રાધિકા પોઈન્ટ પાસે એક ૨ વર્ષનું બાળક ખુલ્લી ગટરમાં પડી ગયું હતું. ૨૪ કલાક બાદ આજે (૬ ફેબ્રુઆરી)એ બાળક વરિયાવ પમ્પિંગ સ્ટેશનમાંથી મૃત હાલતમાં મળી આવ્યો છે. હાલ બાળકના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે લઈ જવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકાની બેદરકારીએ માસૂમનો જીવ ગયો છે.

સુરત મહાનગરપાલિકા માસૂમનો જીવ બચાવવામાં પણ નિષ્ફળ રહી છે. સતત ૨૪ કલાકથી ફાયર વિભાગ સહિતની ટીમો દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઘટનાના પગલે પરિવારજનો અને સ્થાનિકોમાં શોક અને આક્રોશ ફેલાયો છે. જણાવી દઈએ કે, અમરોલી - વરિયાવ રોડ પર બુધવારી બજારમાં માતા વૈશાલીબેન વેગડ સાથે નીકળેલો તેમનો ૨ વર્ષીય પુત્ર કેદાર વરસાદી પાણીની ખુલ્લી ગટરમાં ખાબક્યો હતો. આઈસ્ક્રીમ લેવા જતા કેદાર નામનો માસૂમ બાળક ખુલ્લી ગટરમાં પડ્યો હતો. આ ઘટનામાં મનપાની ઘોર બેદરકારી સામે આવી છે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ અને સ્થાનિકો પણ બચાવ કામગીરીમાં લાગ્યા હતા. પાણીના ભારે વહેણને કારણે બાળક ઘણું આગળ સુધી પહોંચી ગયો હતો. આજે સવારથી જ મોટી સંખ્યામાં લોકોએ ધરણાં પ્રદર્શન સાથે મહાનગર પાલિકાના લાપરવાહીને પગલે માસુમ બાળક સાથે સર્જાયેલી દુર્ઘટનાને કારણે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

### સરકારે સમિતિની કરી રચના

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારા થશે

। (એજન્સી) ગાંધીનગર,તા.૬ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની રચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩ હેઠળ કરવામાં આવ્યો છે. આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે કલમ-૫૩ હેઠળ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામાં આવ્યો હતો. જોકે, તેમાં જરૂર જણાયે વખતો-વખત સુધારો પણ કરવામાં આવ્યો હતો. તેમા છતાં ઘણીબધી જોગવાઈઓની સ્પષ્ટતા ન હોવાના કારણે નામદાર હાઈકોર્ટ તેમજ ટ્રીબ્યુનલમાં સરકાર પક્ષે બચાવની યોગ્ય કાર્યવાહી થઈ શકતી નથી તેમજ બિનજરૂરી ગૂંચવણ ઉભી થતી હતી. આ ગૂંચવણના કારણે કેસનો સમયસર નિકાલ નહતો થતો અને સરકાર પક્ષે નાણાંકીય ભારણ વધતું. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં સુધારો કરવા માટે સમિતિની રચના કરવાની જરૂરત જણાઈ છે.

આ પણ વાંચો: યુવતીની છેડતી બાદ ઠપકો આપવા ગયેલા પિતાની હત્યાના કેસમાં યુવકને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારો કરવા માટે અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સ્થાને નીચે મુજબના સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

## અમદાવાદમાં કપડા ધોવા ગયેલો યુવાન પાણીમાં ગરકાવ થતાં મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં કપડા ધોવા ગયેલા યુવાનનું પગ લપસી જવાના લીધે પાણીમાં ગરકાવ થવાના લીધે મોત થયું હતું. ધોળકાના સિંધરેજ ગામે આ દુર્ઘટના બની હતી. શ્રમિક યુવાન નદીના કિનારે કપડા ધોવા ગયો હતો. અચાનક પગ લપસતા યુવાન ઊંડા પાણીમાં ડૂબ્યો હતો. સાથી શ્રમિકોએ યુવાનની લાશને બહાર કાઢી હતી. પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આ અંગે કોર્પોરેશનના અધિકારીઓને પણ તાકીદ કરી છે કે શહેરમાં જ્યાં-જ્યાં પણ નદીમાં પ્રકારના ખાડા છે અને જ્યાં-જ્યાં પાણી ભરાયેલા છે અને ત્યાંથી પાણી ઉલેચીને ખાડામાં તાકીદે પુરાણ કરવામાં આવે. તેની સાથે ભવિષ્યમાં પણ આ પ્રકારની ઘટના ન બને તે માટે કોર્પોરેશનને ખાડાઓ પડે તેનું તાકીદે પુરાણ કરવા માટે જણાવ્યું છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...